RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 167* Date: 15.04.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વાયરસના સંકટ વચ્ચે વડાપ્રધાને લૉકડાઉન ૩મે સુધી લંબાવ્યુ

# કોરોના મહાસંકટઃ ૩મે સુધી 'ઘરબંધી'

ન્યુ દિલ્હી,તા.૧૪

જેની દેશ આખામાં આજે સવારથી આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે અપેક્ષા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાઈરસ મહામારી સામેના જંગમાં લોકોને બચાવવા ૧૪ એપ્રિલના રોજ આજે પૂરા થતાં ૨૧ દિવસના રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની સમયમર્યાદામાં વધુ ૧૯ દિવસનો વધારો કરીને હવે ૩ મે સુધી સમગ્ર દેશવાસીઓને લોકડાઉનમાં ઘરે રહેવા જણાવ્યું હતું. જો કે ૧૫થી ૨૦ એપ્રિલ સુધીમાં સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે અવલોકન અને મૂલ્યાંકન કરીને ૨૦મીથી અમુક શરતી છૂટછાટ આપવાની જાહેરાત પણ તેમણે કરતાં વેપાર-ધંધો-રોજગાર, ખેડૂતો અને રોજનું કમાઈને રોજ ખાનાર વર્ગને રાહત મળે તેમ છે. અલબત્ત જો છૂટછાટમાં અપાયેલી શરતોનું પાલન નહીં થાય તો લોકડાઉન ફરી



લાદી દેવાની ચેતવણી પણ તેમણે ઉચ્ચારી હતી. ભારતમાં બીજા દેશો કરતાં કોરોનાની ભયાનકતા ઓછી હોવાનું અને તેમની સરકારે કોરોનાને રોકવા સમયસર પગલા ભર્યા હોવાનો પણ દાવો કરીને સરકાર નિષ્ફળ ગઈ હોવાની ટીકા કરનારાઓને પણ તેમણે જવાબ આપવાનો પ્રયાસ કર્યો હતો. કેવા પ્રકારની છૂટછાટ મળશે તેની માગ્રદર્શિકા કેન્દ્ર દ્વારા આવતીકાલ ૧૫મીએ જાહેર કરાશે. દરમ્યાનમાં રેલવેએ ૩ મે સુધી તમામ ટ્રેન વ્યવહાર બંધ રહેવાની જાહેરાત કરતાં ગુડઝ ટ્રેન સિવાય બીજી કોઈ પસેન્જર ટ્રેનની સીસોટી ૩ મે સુધી સાંભળવા નહીં મળે.

૨૪ માર્ચની મધરાતથી શરૂ થયેલા ૨૧ દિવસના લોકડાઉનનો આજે છેલ્લાં દિવસે વડાપ્રધાન મોદીએ સવારે ૧૦ વાગે રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે, આપણે હવે પહેલાં કરતાં પણ વધારે સતર્કતા રાખવાની છે. જે જિલ્લામાં કોરોના વાઈરસના કેસ ઘટશે અથવા સંપૂર્ણ બંધ થશે ત્યાં ૨૦ એપ્રિલથી અમુક શરતો સાથે છૂટ આપવામાં આવશે. પરંતુ જો ત્યાં ફરી કોઈ કોરોનાનો કેસ સામે આવશે તો ત્યાંથી શરતો દ્વારા આપવામાં આવેલી છૂટ પણ પરત લેવામાં આવશે.

વડાપ્રધાને તેમના ભાષણની શરૂઆત કરતા કહ્યું કે, નમસ્તે મારા પ્યારા દેશવાસીઓ....ના સંબોધનની કરી હતી. તેમણે કહ્યું કે કોરોનાના વિરુદ્ધ ભારતની લડાઈ ઘણી મજબૂતાઈ સાથે આગળ વધી રહી છે. તમામ દેશવાસીઓની તપસ્યા અને ત્યાગના કારણે ભારત અત્યાર સુધી કોરોનાથી થનારા નુકસાનને ઘણી હદ સુધી ટાળવામાં સફળ રહ્યો છે. તમે લોકોએ કષ્ટ સહન કરીને પણ આપણા દેશ અને ભારત વર્ષને બચાવ્યું છે. હું જાણું છું કે તમને કેટલી મુશ્કેલીઓ પડી છે. કોઈને જવા આવવાની તકલીફ, કોઈ ઘર-પરિવારથી દૂર છે. પરંતુ તમે લોકો દેશ માટે એક અનુશાસિત સિપાહીની જેમ તમારું કર્તવ્ય નિભાવી રહ્યા છો. હું આપ સૌને આદરપૂર્વક નમન કરું છું, એમ કહીને તેમણે લોકોની નારાજગી દૂર કરવાનો પણ પ્રયાસ કર્યો હતો.

તેમણે કહ્યું કે જાતે કોઈ બેદરકારી રાખવાની નથી, ના કોઈ બીજાને બેદરકારી કરવા દેવાની છે.. આવતી કાલે આ વિશે સરકાર તરફથી જરૂરી ગાઈડ લાઈન જાહેર કરવામાં આવશે. ૨૦ એપ્રિલે નક્કી કરાયેલા વિસ્તારોમાં છૂટની જોગવાઈ ગરીબ ભાઈ- બહેનોની આજીવીકાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે, જે રોજ કમાય છે અને ગુજરાન ચલાવે છે. મારી સૌથી મોટી પ્રાથમિકતા આ ગરીબોની મુશ્કેલી ઓછી કરવાની છે. વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના દ્વારા અમે દરેક શક્ય પ્રયાસ કર્યા છે. નવી ગાઈડલઈનમાં પણ તેમના હિતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

ખેડૂતોને યાદ કરીને કહ્યું કે, હાલ આ વખતે રવી પાકની લણણીનું કામ ચાલી રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર મળીને પ્રયાસ કરી રહ્યા છે. ખેડૂતોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે. સાથીઓ દેશમાં દવાથી માંડી રાશન સુધીનો પૂરતો ભંડાર છે. સપ્લાઈ ચેઈનની અડચણો સતત દૂર કરાઈ રહી છે. હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ વધી રહ્યું છે. જ્યાં માત્ર એક લેબ હતી. ત્યાં હવે ૨૨૦થી વધારે લેબ ટેસ્ટિંગનું કામ કરી રહી છે. વિશ્વનો અનુભવ કહે છે કે કોરોનાના ૧૦ હજાર દર્દી થશે તો ૧૫૦૦ બેડની જરૂર પડે છે. ભારતમાં આજે અમે ૧ લાખથી વધારે બેડની વ્યવસ્થા કરી દીધી છે. ૬૦૦થી વધારે હોસ્પિટલ કોવિડની સારવાર માટે કામ કરી રહ્યા છે. આ સુવિધાઓને ઝડપથી વધારાઈ રહી છે.

મહિના-દોઢ મહિના પહેલાં ઘણાં દેશ કોરોના ઈન્ફેક્શન મામલે ભારત બરાબર ઉભા હતા. આજે તે દેશોમાં ભારતની સરખામણીએ કોરોના કેસમાં ૨૫થી ૩૦ ગણા કેસ વધી ગયા છે. તે દેશોમાં હજારો લોકોના દુખદ મૃત્યુ થયા છે. ભારતે પોલીસિંગ અપ્રોચ ન રાખ્યો હોત તો, ઈન્ટિગ્રેટેડ અપ્રોચ ન રાખ્યો હોત, સમયસર કડક નિર્ણય ન લીધા હોત તો આજે ભારતની સ્થિતિ કઈક અલગ જ હોત. તેની કલ્પના કરતાં જ રૂવાડાં ઉભા તઈ જાય છે. પરંતુ પહેલાના અનુભવથી એ સ્પષ્ટ છે કે, આપણે જે રસ્તો પસંદ કર્યો છે તે આજની સ્થિતિમાં આપણાં માટે યોગ્ય છે.

ઘણાં રાજ્યોએ પહેલેથી જ લોકડાઉન વધારી દીધું છે. દરેક સૂચનોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો છે કે, લોકડાઉનને ૩ મે સુધી વધારવામાં આવે. એટલે કે ૩ મે સુધી દેશના લોકો લોકડાઉનમાં રહેશે. આ દરમિયાન આપણે અનુશાસનનું પાલન કરવાનું છે, જે આપણે અત્યાર સુધી કરતાં આવ્યા છીએ. મારા દરેક દેશવાસીઓને પ્રાર્થના છે કે, આપણે હવે કોરોનાને કોઈ પણ નવા વિસ્તારમાં ફેલાવા નથી દેવાનો. સ્થાનિક સ્તરે એક પણ દર્દી વધે તો તે હવે આપણાં માટે ચિંતાનો વિષય છે.

### સંક્રમિતોનો આંકડો ૧૦,૩૦૦ને પાર,મૃત્યુઆંક ૨૩૯

## દેશમાં કોરોનાનો હાહાકારઃ ૨૪ કલાકમાં ૧૨૦૦ નવા કેસ નોંધાતા ખળભળાટ

ન્યુ દિલ્હી,તા.૧૪

દેશમાં કોરોના વાઈરસના પોઝિટિવ કેસો સતત વધતા જઈ રહ્યાં છે. છેલ્લા ૨૪ કલાકની અંદર ૧૨૦૦થી વધુ નવા કેસ સામે આવ્યા છે, જ્યારે ૨૦થી વધુ લોકો મોતને ભેટ્યાં છે. એકલા ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૧૦ પોઝિટિવ કેસો સામે આવ્યા છે, જ્યારે મહારાષ્ટ્રમાં છેલ્લા ૧૨ કલાકની અંદર ૧૨૧ નવા કેસો નોંધાયા છે. અહીં કુલ દર્દીઓની સંખ્યા વધીને ૨૪૫૫ થઈ ગઈ છે.

મહારાષ્ટ્રની વાત કરીએ તો, કોરોનાથી સૌથી વધુ કોઈ રાજ્યને અસર થઈ હોય, તો તે મહારાષ્ટ્ર છે. અત્યાર સુધી અહીં ૨૪૫૫ કન્ફર્મ કેસો સામે આવી ચૂક્યાં છે. છેલ્લા ૧૨ કલાકમાં જ ૧૨૧ કેસો નોંધાયા છે. જેમાં માત્ર મુંબઈમાંથી જ ૯૨ કન્ફર્મ કેસો નોંધાયા છે. આ ઉપરાંત નવી મુંબઈમાં ૧૩, ઠાણેમાં ૧૦, વસઈ-વિરારમાં ૩ અને રાયગઢમાં ૧ કેસ નોંધાયો છે.

બીજી તરફ ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકની અંદર ૨૬૩૪ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૧૦નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પ્રથમ વખત ઉત્તર પ્રદેશમાં કોઈ એક દિવસમાં દર્દીઓની સંખ્યા ૧૦૦ની પાર પહોંચી હોય. ઉત્તર પ્રદેશમાં કોરોનાના પોઝિટિવ કેસો વધીને ૬૫૦ પર પહોંચી ચૂકી છે. જ્યારે ૫ લોકોના મોત નીપજ્યાં છે. જો કે રાહતની વાત છે કે, અત્યાર સુધી ૪૯ દર્દીઓ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૧૧ કોરોનાના કેસો સામે આવ્યા બાદ કુલ સંખ્યા વધીને ૧૦૩૬૩ પર પહોંચી ગઈ છે અને ૩૧ લોકો મોતને ભેટ્યાં છે. આ સાથે જ કોરોનાથી મોતને ભેટનારા લોકોની સંખ્યા વધીને ૩૩૯ પર પહોંચી ચૂક્યો છે. આ સિવાય ૧૦૩૫ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

## કોરોના વાયરસથી મરનાર દર ત્રીજો વ્યક્તિ મુંબઈથી

ન્યુ દિલ્હી,તા.૧૪

કોરોના વાયરસનાં કેસ દુનિયાભરમાં વધી રહ્યા છે. ભારતમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૧૦ હજારથી વધારે થઈ ગઈ છે, જ્યારે ૩૩૯ લોકોનાં અત્યાર સુધી મોત થયા છે. દેશમાં કોરોના સંક્રમણ સૌથી વધારે મહારાષ્ટ્રમાં ફેલાઈ રહ્યું છે. મહારાષ્ટ્રમાં કોરોનાનાં કેસ વધીને ૨૩૩૪ થઈ ગયા છે અને મરનારા લોકોનો આંકડો ૧૬૦ સુધી પહોંચી ગયો છે, જેમાંથી ૧૦૧ લોકોનાં મોત ફક્ત મુંબઈમાં થયા છે.

મુંબઈમાં અત્યાર સુધી ૧૫૪૦ કોરોના વાયરસનાં કેસ છે. સોમવારનાં મહારાષ્ટ્રમાં કુલ ૩૫૨ કેસ સામે આવ્યા છે, જેમાંથી ૨૪૨ નવા કેસ મુંબઈથી છે. તો સોમવારનાં કોરોના સંક્રમણનાં કારણે પ્રદેશમાં ૧૧ લોકોનાં મોત થયા છે, જેમાં ૯ લોકો મુંબઈથી છે. આ રીતે જોવા જઈએ તો દેશમાં કોરોનાથી મરનારો દર બીજો વ્યક્તિ મહારાષ્ટ્રથી અને ત્રીજો વ્યક્તિ મુંબઈથી છે. આવામાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની સામે કોરોનાને કાબૂ કરવાનો મોટો પડકાર છે.

દેશની આર્થિક રાજધાની મુંબઈ કોરોના વાયરસનાં સંક્રમણનું કેન્દ્ર બની ગઈ છે. મુંબઈને ચીનનાં વુહાન શહેરની માફક કોરોના સંક્રમણનું હોટસ્પોટ કહેવામાં આવી રહ્યું છે. કોરોના દર્દીઓની સંખ્યા મુંબઈમાં ઘણી જ વધી રહી છે અને દર્દીઓની મોતની સંખ્યા પણ સર્વાધિક છે. મહારાષ્ટ્ર સરકારની મુશ્કેલીઓ વધી રહી છે, કેમકે આ વાયરસ ધીરેધીરે ઝુંપડપટ્ટીઓમાં ફેલાતો જઈ રહ્યો છે. એશિયાની સૌથી મોટી ઝુંપડપટ્ટી કહેવામાં આવતી ધારાવી ઉપરાંત હવે કોરોના સંક્રમણનું કેન્દ્ર બાન્દ્રા ટર્મિનસની અડીને આવેલું બેહરામપાડા અને કુર્લાની જરીમરી વગેરે ઝુંપડપટ્ટીઓ સુધી ફેલાયો છે.

### કોરોના વાયરસ સ્વાઈન ફ્લૂથી ૧૦ ગણો ઘાતકઃ વિશ્વ આરોગ્ય સંસ્થા

## વિશ્વભરમાં કોરોનાથી ૧.૨૦ લાખ લોકોના મોત

ન્યૂયોર્ક,તા.૧૪

વિશ્વભરમાં કોરોના વાઈરસના ૧૯.૨૫ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. ૧.૨૦ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૪.૪૫ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. ચીન વિશ્વના વિવિધ દેશમાં કોરોનાનો ભોગ બનેલલા પોતાના ૧૪૬૪ નાગરિકોને પરત લાવ્યું છે. દ. કોરિયામાં આવતીકાલે ચૂંટણી યોજાશે. મહામારીના કારણે ૪૭ દેશમાં ચૂટણી સ્થિગત કરાઈ છે.

સીએનએન મુજબ કોરોના વાઈરસની મહામારી વચ્ચે દક્ષિણ કોરિયામાં ૧૫ એપ્રિલે ૩૦૦ બેઠક ઉપર ચૂંટણી યોજાશે. ચૂંટણીને લઈને રાજધાની સિયોલમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. દક્ષિણ કોરિયામાં ક્યારેય ચૂંટણી સ્થિગત થઈ નથી, કોરોનાની મહામારી વચ્ચે પણ તેને સ્થિગત નથી કરાઈ. શ્રીલંકા, બ્રિટન, ફ્રાન્સ અને ઈથિયોપિયા સહિત ૪૭ દેશમાં કોરોનાના કારણે ચૂટણીઓ સ્થિગિત કરાઈ છે. જોકે અમેરિકા અને ન્યૂઝીલેન્ડ ચૂંટણીને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કરાયો નથી. અમેરિકામાં અત્યાર સુધીમાં ૫ લાખ ૮૭ હજાર પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૨૩ હજાર ૬૪૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૨૬ હજાર ૬૪૧ નવા કેસ નોંધાયા છે અને ૧૫૩૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાઈરસને સ્વાઈન ફ્લૂ કરતા ૧૦ ગણો ઘાતક ગણાવી લોકડાઉન કે અન્ય પ્રતિબંધોને અચાનક ન હટાવવાની સરકારોને સલાહ આપી છે.

**અમેરિકાના ઈતિહાસમાં પહેલી વખત ૫૦ રાજ્યોમાં ઈમર્જન્સી જાહેર**

અમેરિકાના ઈતિહાસમાં પહેલી વખત ૫૦ રાજ્યોમાં ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. અનેક લોકોના મોત નિપજ્યા છે અને સાથે કરોડો બેરોજગાર બની ગયા છે.

**બ્રિટનમાં ૨૪ કલાકમાં ૭૧૭ લોકોના મોત**

બ્રિટનના સોશિયલ કેર વિભાગના જણાવ્યા મુજબ સોમવારે ૭૧૭ લોકોએ જીવ ગુમાવ્યો છે, આ સાથે અહીં મૃત્યુઆંક ૧૧૩૨૯ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૪૩૪૨ કોરોનાના નવા કેસ નોંધાયા છે. આ સાતે કુલ પોઝિટિવ કેસ ૮૮ હજાર ૬૨૧ થયા છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે બ્રિટનમાં ચાલી રહેલા લોકડાઉનને સાત મે સુધી લંબાવવામાં આવ્યું છે.

સ્પેનમાં કુલ પોઝિટિવ કેસ ૧.૭૦ લાખ થયા છે અને ૧૭ હજાર ૭૫૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. ઈટાલીમાં ૧.૬૦ લાખ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૨૦ હજાર ૪૬૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. ચીન કરતા અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાન્સ, જર્મની અને બ્રિટનમાં વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ પોઝિટિવ કેસની બાબતમાં ચીન સાતમાં નંબરે આવી ગયું છે. ભારત ૨૨માં નંબરે છે.

## વડાપ્રધાન મોદીનુ ભાષણ ઉપરછલ્લુ અને ખોખલુઃ કોંગ્રેસ

ન્યુ દિલ્હી,તા.૧૪

પીએ મોદીએ લોકડાઉન વધારવાની કરેલી જાહેરાત બાદ કોંગ્રેસે મોદીના ભાષણને ખોખલુ અને ઉપરછલ્લુ ગણાવ્યુ છે.

કોંગ્રેસે કહ્યુ હતુ કે, પીએમ મોદીના ભાષણમાં નથી કોઈ રાહત પેકેજની વાત અને નથી ઈકોનોમીને ઉગારવા માટે કયા પ્રકારના પગલા ભરાશે તેની વાત. પૂર્વ નાણા મંત્રી અને કોંગ્રેસના નેતા પી.ચિદમ્બરમે કહ્યુ હતુ કે, ગરીબોને ૪૦ દિવસ પોતાની વ્યવસ્થા કરવા માટે નોધારા મુકી દેવાયા છે.

તેમણે કહ્યુ હતુ કે, પૈસા છે અને ભોજન પણ છે પણ સરકાર આપશે નહી. મારા દેશવાસીઓ તમે રડો.બીજી તરફ કોંગ્રેસના નેતા મનિષ તિવારીએ પણ કહયુ હતુ કે, લોકો તરફથી સરકારને શું આશા છે તે તો વડાપ્રધાને કહ્યુ પણ સરકાર લોકો માટે શું કરશે તે વાત નથી કરી.

કોંગ્રેસ પ્રવક્તા સૂરજેવાલાએ કહ્યુ હતુ કે, કોરોના સામે લડવા માટેનો રોડમેપ તો દેખાતો નથી. નેતૃત્વનો મતલબ એ નથી કે લોકોને જવાબદારીનો અહેસાસ કરાવવો બલ્કે તેનો મતલબ એ છે કે, લોકો પ્રત્યે સરકાર પોતાની ફરજ નિભાવે.

કોંગ્રેસ પ્રવક્તા અભિષેક મનુ સિંઘવીએ પણ કહ્યુ હતુ કે, પીએમ મોદીના ભાષણમાં મુખ્ય વાત જ ગાયબ હતી. ઉપદેશ અને પ્રેરણા આપવાની વાતો તો કરી પણ બધુ ખોખલુ છે. ના ગરીબો માટે કે ના મધ્યમ વર્ગ માટે કે ના ઉદ્યોગો માટે કોઈ જાહેરાત નથી.

### ટ્રમ્પે ઈશારા-ઈશારામાં આપી ચેતવણી

## વિશ્વ આરોગ્ય સંસ્થાને ખોટી જાણકારી આપવાના કારણે ચીને ખરાબ પરિણામ ભોગવવા પડશે

વોશિંગ્ટન,તા.૧૪

અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈશારા-ઈશારામાં કહ્યું છે કે કોરોના વાયરસને લઈને ઉઊઁ અને આંતરરાષ્ટ્રિય સમુદાયને કથિત રીતે ખોટી જાણકારી આપવાનાં કારણે ચીને ખરાબ પરિણામો ભોગવવા પડશે. આ સંક્રમણ ચીનનાં વુહાન શહેરથી ફેલાવાનું શરુ થયું હતુ. કોરોના વાયરસે અત્યાર સુધી દુનિયામાં ૧,૧૯,૬૬૬ લોકોનો ભોગ લીધો છે અને લગભગ ૨૦ લાખ લોકો સંક્રમિત થયા છે.વ્હાઈટ હાઉસમાં સોમવારનાં એક સંવાદદાતા સંમેલનમાં એક પત્રકારે ટ્રમ્પને વારંવાર પ્રશ્ન કર્યો કે આનાં માટે ચીન કોઈ પરિણામ કેમ નથી ભોગવી રહ્યું? જેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, "તમને કઇ રીતે ખબર કે આના કોઈ ખરાબ પરિણામો નથી?" આના પર વારંવાર પ્રશ્ન થતા ટ્રમ્પે કહ્યું કે, "હું તમને કેમ જણાવું. ચીનને ખબર પડી જશે. હું તમને કેમ જણાવું."

ચીનની વિરુદ્ધ અમેરિકી સાંસદોની ટિપ્પણીઓની વચ્ચે ટ્રમ્પે કહ્યું કે, "તમને ખબર પડી જશે." સીનેટર સ્ટીવ ડેન્સે ટ્રમ્પને પત્ર લખીને અપીલ કરી કે અમેરિકી સરકાર ચીન પર મેડિકલ સુવિધાઓ અને ઈક્યૂપમેન્ટની નિર્ભરતા પૂર્ણ કરે અને અમેરિકામાં દવાઓ બનાવવા સંબંધિત નોકરીઓ પરત લઈને આવે. રિપબ્લિકન પાર્ટીનાં ૪ સાંસદોએ પણ ચીન પર નિર્ભરતા ઓછી કરવા માટે સોમવારનાં રજૂઆત કરી હતી.

**અમેરિકાને ફરી ખુલ્લુ કરવાની તૈયારી**

ટ્રમ્પે કહ્યું કે, તેઓ દેશને ફરી ખોલવાની યોજનાની ઘણા નજીક છે. કોરોના વાયરસનાં કહેરને જોતા દેશમાં ૩૦ એપ્રિલ સુધી સામાજિક અંતર બનાવવા માટે દિશા-નિર્દેશ અપાયા છે. આ ઘાતક વાયરસથી ૯૫ ટકાથી વધારે વસ્તી પ્રભાવિત થઈ છે. ટ્રમ્પે કહ્યું કે, "હું મારી ટીમ અને ટોચનાં નિષ્ણાતો સાથે આના પર વાતચીત કરી રહ્યો છું અને અમે દેશને ફરી ખોલવાની યોજનાને પૂર્ણ કરવાની ઘણા નજીક છીએ.

## તંત્રી સ્થાનેથી...

# સાવચેતી જરૂરી - ડર નહીં

છેલ્લાં કેટલાક દિવસથી દેશભરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધી રહી છે. ૨૫મી માર્ચથી કોરોનાને કારણે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું અને એક અંદાજ પ્રમાણે આ લોકડાઉન ૯૦ ટકા જેટલું સફળ પણ ગયું હતું. તેમ છતાં કોરોનાના દર્દીઓની સંખ્યા શા માટે વધી રહી છે તે સવાલ સામાન્ય લોકોને અકળાવી રહ્યો છે.લોકડાઉન ટુ માત્ર આપણી જાન માટે નથી, પરંતુ હવેનો મંત્ર જાન ભી ઓર જહાન ભી છે. વાહનવ્યવહાર હવે દેશ માટે સૌથી વધારે જરૂરી છે કેમ કે સમગ્ર દેશના ખેડૂતોના ખેતરોમાં પાક ઊગીને તૈયાર થઈ ગયો છે. હવે કાપણી કરીને આ અનાજને લોકો સુધી પહોંચાડવું જરૂરી છે. કેમ કે જો આ પાકની કાપણી નહીં થાય તો ખેડૂતોને તો ખૂબ મોટું નુકસાન થશે જ, પરંતુ સમગ્ર દેશને આના ગંભીર પરિણામ ભોગવવા પડી શકે તેમ છે. બીજી તરફ કોરોનાના કેસમાં કોઈ ઘટાડો નોંધાયો નથી. મુંબઈ, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં કોરોનાના કેસ રોકેટની સ્પીડમાં વધી રહ્યા છે. આનાથી ગભરાવવાની કોઈ જરૂર નથી.કોરાનાના કેસ વધવાનું મુખ્ય કારણ છે કોરોનાનું પરીક્ષણ. દેશમાં હવે કોરોનાનું પરીક્ષણ કરતી લેબની સંખ્યામાં વધારો થયો છે. સરકારે કેટલીક ખાનગી લેબોરેટરીઓને પણ કોરોનાના પરીક્ષણની મંજૂરી આપી છે. આને કારણે વધુને વધુ લોકોના પરીક્ષણ થઈ રહ્યાં છે. જેમ પરીક્ષણ વધુ થઈ રહ્યા છે તેમ વધુ કેસ સામે આવી રહ્યા છે. આ ગભરાવાની બાબત નથી, પરીક્ષણ થવું એ સારી બાબત છે, આનાથી આપણને સાચી માહિતી મળી રહી છે. જે લોકોને કોરોનાની શંકા હોય તેમના પરીક્ષણ ખૂબ જ જરૂરી છે. રહી વાત કોરોનાના વધતા જતા દર્દીઓની તો એક વાત ખાસ નોંધવા જેવી છે.ભારતમાં જે સમયે કોરોનાના પરીક્ષણ કેન્દ્ર ઓછાં હતાં, દરરોજ પરીક્ષણ ખૂબ જ ઓછાં થતાં હતાં એ સમયે પણ કોરોનાને કારણે મૃત્યુ પામનારાઓ અને કોરોનામાંથી સાજા થઈને બહાર આવનારાઓની જે સરેરાશ હતી એટલી જ ટકાવારી હાલ જ્યારે કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે પણ યથાવાત્ છે. એટલે કે કોરોનાના પ્રથમ સો કેસમાંથી ત્રણ જણનાં મોત થયા હતા અને ૯ જણ સાજા થયા હતા, આજે જ્યારે કોરોનાના કેસની સંખ્ય સાડાનવ હજાર જેટલી છે ત્યારે કોરોનાને કારણે મૃત્યુ પામનારાઓની ટકાવારી લગભગ ત્રણ ટકા જેટલી છે અને એ જ રીતે કોરોનામાંથી સાજા થનારાઓની સંખ્યા લગભગ ૯ ટકા જેટલી જ છે. આમ કોરોનાના ડરથી ભયભીત થવાની બિલકુલ જરૂર નથી કે કોરોનાના કેસની વધતી જતી સંખ્યાથી પણ પેનીક થવાની જરૂર નથી, માત્ર આપણે એક વાત યાદ રાખવાની છે કે જો આપણે સાવચેતી રાખશું તો કોરોના એ આપણા માટે જીવલેણ વાઈરસ સાબિત નહી થાય. લોકડાઉન-ટુમાં આ જ વાતને ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે. કોરોનાના આંકડાઓ ઉપર ધ્યાન આપવાને બદલે કોરોનાની સારવાર અને તેને ફેલાતો અટકાવવા પર ધ્યાન આપવું વધુ જરૂરી છે એ માટે નાગરિક તરીકે આપણી ફરજ છે કે આપણે આ વાતને ગંભીરતાથી સમજીએ અને લોકડાઉનને સફળ કરવામાં આપણી ફરજ નિભાવીએ. તંત્ર અને સરકાર તો તેમની તરફથી કામગિરી કરી જ રહી છે આપણે આપણે આપણી ફરજ બજાવવાની છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૫/૦૪/૨૦૨૦, બુધવાર, ચૈત્ર વદ-૮
સૂર્યોદય-૬-૨૮, સૂર્યાસ્ત-૭-૦૭, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઉત્તરષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૨૮થી લાભ-અમૃત-૯-૩૭ સુધી, ૧૧-૧૨ થી શુભ-૧૨-૪૭ સુધી, ૧૫-૫૬ થી ચલ-લાભ-ચલ-૧૯-૦૬ સુધી, ૨૦-૩૧ થી શુભ-અમૃત-ચલ-૨૪-૪૭ સુધી

**- શુભ હોરા-**

૬-૨૮થી ૮-૩૪ સુધી, ૯-૩૭ થી ૧૦-૪૧ સુધી, ૧૨-૪૭ થી ૧૫-૫૬ સુધી, ૧૬-૫૯થી ૧૮-૦૩ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૫-૦૪-૨૦૨૦ બુધવાર

**મેષ (અ.લ.ઈ.)** :- સ્વાભાવને કારણે ગુંચવણો ઉભી કરો છો આ બાબતને ધ્યાનમાં લેજો કલાક્ષેત્રે સફળતા રહે.

**વૃષભ (બ.વ.ઉ.)** :- આવક વધારવાનાં પ્રયત્નો ફળવાના છે. અંગત મિત્રામાં કોઇ અવરોધોનો સામનો રહેવાનો.

**મિથુન (ક.છ.ઘ.)** :- સાઇડ બીઝનેશથી લાભ રહેવાનો યાત્રા પ્રવાસમાં સફળતા મલવાની લગ્ન જીવનમાં સુમેળ વધે.

**કર્ક (ડ.હ.)** :- જલીન મકાનના કાર્યોમાં સફળતા રહે. આવકનું પ્રમાણ જળવાઇ રહેવાનું પ્રવાસમાં અનુકુળતા.

**સિંહ (મ.ટ.)** :- મહેનતનું ફળ મલવાનું છે નકારાત્મક વિચારો ટાળજો નાણાકીય મુશ્કેલીઓ દુર થવાની છે.

**કન્યા (પ.ઠ.ણ.)** :- નાણાકીય જવાબદારીઓ લેવાથી દૂર રહેજો નોકરીમાં લાભની ઇચ્છા ફળવાની છે.

**તુલા (ર.ત.)** :- અડગ શ્રધ્ધા તમારા કાર્યમાં જરૂર સફળતા અપાવશે. માતા-પિતાનું માર્ગદર્શન ઉપયોગી રહે.

**વૃશ્ચિક (ન.ય.)** :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના નોકરીમાં કોઇ મનગમતું પરિવર્તન થાય. શેર સટ્ટામાં લાભ મલવાનો.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** :- નોકરીમાં લાભ ઇ-મેઇલ દ્વારા સારો લાભ રહે. નવી ઓળખાણ થાય. મિલ્કતના પ્રશ્ને હલ થાય.

**મકર (ખ.જ.)** :- વિદેશ સાથેના વ્યવસાયમાં ઇમેઇલ દ્વારા સફળતા મેળવશો. સીઝનલ ધંધામાં લાભ પ્રવાસમાં અનુકુળતા.

**કુંભ (ગ.શ.સ.)** :- આત્મવિશ્વાસ વધે તેવું વાંચન કરવાથી તમોને ન ધારેલો લાભ રહે. સગાઇનું કાર્ય સફળ થાય

**મીન (દ.ચ.ઝ.)** :- સામાજીક કાર્યોમાં કોઇની મદદ મલવાની છે વિજાતીય સંબંધો ગાઢ બને કર્જ ન કરવું.

### એમ્બ્યુલન્સ ડ્રાઈવરે ભાગીને બચાવ્યો જીવ

# રાંચીમાં કોરોના સંક્રમિતોને લેવા પહોંચી ટીમ પર પથ્થરો-ઈંટોથી હુમલો

રાંચી,તા.૧૪

ઝારખંડમાં કોરોના વાયરસના સંક્રમણને લઈને હૉટ સ્પૉટ બનેલા પાટનગર રાંચીના હિંદપીઢી વિસ્તારના લોકોએ કોરોના વોરિયર્સ પર પ્થ્થર અને ઈંટો વરસાવી. મળતી જાણકારી મુજબ, આ વિસ્તારમાં ત્રણ લોકો કોરોના પોઝિટિવ હોવાની સૂચના મળી હતી. ત્યાબાદ ૧૩ એપ્રિલની રાત્રે સ્વાસ્થ્ય વિભાગની ટીમ હિંદપીઢી ગઈ. આ દરમિયાન તેમની સાથે સુરક્ષા માટે પોલીસ ટીમ પણ હાજર હતી.

આ ટીમને સ્થાનિક લોકોના ભારે વિરોધનો સામનો કરવો પડ્યો. સૂત્રો મુજબ, કુર્બાન ચોકના લોકોએ લાઈટ બંધ કરીને કોરોના સંક્રમિતોને હૉસ્પિટલ લઈ જવા માટે આવેલી ટીમ પર હુમલો કર્યો. આક્રોશિત લોકોનું કહેવું હતું કે અડધી રાત્રે કોરોના પીડિતોને લઈ જવું યોગ્ય નથી, તેના માટે કોઈ સમય નિર્ધારિત થવો જોઈએ.

મૂળે, કોરોના સંદિગ્ધોને લેવા ગયેલી ચાર ઍમ્બ્યુલન્સ અને તેની સુરક્ષામાં અનેક પીસીઆર વાન અને સ્વાસ્થ્યકર્મીઓ પર ઈંટ-પથ્થરોથી હુમલો કરવામાં આવ્યો. એક ઍમ્બ્યુલન્સને તોડી દેવામાં આવી.

હિંદપીઢીના લોકોનું આક્રમણ વલણ જોઈ ઍમ્બ્યુલન્સ ડ્રાઈવર અનિલે પોલીસ સ્ટેશનમાં છુપાઈને પોતાનો જીવ બચાવ્યો. બીજી તરફ, પોલીસ દળને પણ પાછીપાની કરવી પડી.કોરોનાના દર્દીઓની વધતી સંખ્યાને કારણે છેલ્લા ત્રણ દિવસથી સમગ્ર હિંદપીઢીને સીલ કરી દેવામાં આવ્યો છે. સ્વાસ્થ્ય વિભાગ અને નગર નિગમની ટીમ દિવસ-રાત હિંદપીઢીને કોરોના મુક્ત કરવા અને સ્વાસ્થ્ય સેવાઓને ઉપલબ્ધ કરાવવામાં લાગી છે, પરંતુ આ દરમિયાન સ્વાસ્થ્યકર્મીઓની સાથે અભદ્રતાની અનેક ઘટનાઓ બની રહી છે.



જેતપુર માં માનવતા ને હચમચાવી નાખે તેવી ઘટના સામે આવી છે આજે, એક વિધવા માં તેના બીમાર દીકરા ને રેંકડી માં લઇ ને જેતપુર ની સિવિલ હોસ્પિટલ માં પોચી હતી, જેતપુર ના ગાયત્રી મંદિર બાવાવાળા પરા પાસે રહેતી મીના બેન તેના દીકરા ને રેંકડી માં લઈને રોડ ઉપર નીકળી પડી હતી, મીનાબેન નો દીકરા નું એક્સીડંટ થોડા સમય પહેલા થયું હતું અને તે સંપૂર્ણ પથારી વસ છે, અને હાલી ચાલી નથી શકતો, મીનાબેન ના પતિ નું પણ અવસાન થઇ ચૂકેલ છે, ત્યારે આ વિધવા પોતાનું અને પરિવાર નું ગુજરાન મજૂરી કરી ને કરતા હતા, ત્યારે હાલ કોરોના મહામારી ને લઇ ને સરકાર દ્વારા લોકડાઉન કરવા માં આવેલ છે જેને લઈ ને તમામ ધંધા રોજગાર બંધ છે જેની અસર આવા નાના પરિવાર ઉપર પડી છે હાલ આવા લોકો પાસે ધંધો ના હોય અને પૈસા ખૂટી ગયા હોય ઘર ચલાવવા નું મુશ્કેલ છે ત્યારે જો ઘર માં કોઈ બીમાર હોય તો દવા ના ખર્ચ માટે મુશ્કેલી સર્જાઈ શકે છે, જેનો જીવતો જાગતો દાખલો આજે જેતપુર માં જોવા મળ્યો હતો, એક વિધવા માં એ પોતાના બીમાર દીકરા ના હોસ્પિટલે લાવવા માટે પૈસા ના હોય પ્રાયવેટ એમ્બ્યુલન્સ બોલાવી શકે તેમ ના હતા, જયારે તેવો એ સરકારી એમ્બ્યુલન્સ માટે ફોન કર્યો તો એમ્બ્યુલન્સ હાજર ના હોવા નું જણાવેલ હતું, દીકરા નું દર્દ ના જોઈ શકતા આ વિધવા પોતાના દીકરા ને હોસ્પિટલે લઈ જવા માટે રેંકડી નો ઉપયોગ કરવો પડ્યો હતો, હોસ્પિટલે પહોંચ્યા બાદ જૂનાગઢ સિવિલ માં લઈ જવા માટે સગવડતા ના તેવો હેરાન થઈ રહ્યા હતા, હરેશ ભાલીયા જેતપુર

### ભાવનગરના શિહોરમાં પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો

# કોરાનો કહેરઃ વધુ નવા ૪૫ પોઝિટિવ કેસ સાથે આંકડો ૬૦૦ને પાર

*ગાંધીનગર,તા.૧૪*

રાજ્યમાં કોરોના કોહરામ આજના દિવસે પણ યથાવત રહ્યો છે. ગુજરાતમાં આજે કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૪૫ છે, જ્યારે એક વ્યક્તિને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપી ઘરે મોકલી દેવામાં આવ્યો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીના કુલ પોઝિટીવ દર્દીઓની સંખ્યા ૬૧૭ પર પહોંચી ગઈ છે.

કુલ દર્દીઓમાં ૯ની હાલત ગંભીર જણાતા તેઓ વેન્ટીલેટર પર છે, જ્યારે ૫૨૭ લોકો સ્ટેબલ છે. ગુજરાતમાં અત્યાર સુધી ૫૫ લોકોએ કોરોના સામેની લડાઈમાં જીત મેળવી છે એટલે કે તેમને ડીસ્ચાર્જ આપવામાં આવ્યો છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૨૬નો છે.

રાજ્યમાં આજે કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓ વિશે જાણીએ તો અમદાવાદમાં આજે



નવા ૩૧ કેસ સામે આવ્યા છે, જેમાં ૧૩ પુરુષો અને ૧૮ મહિલાઓનો સમાવેશ થાય છે. સુરતમાં નવા ૯ કેસમાં ૪ પુરુષ અને ૫ મહિલાઓ છે. ભાવનગરમાં નવો કેસ જેમાં એક પુરુષ છે. મહેસાણામાં નવા ૨ કેસ જેમાં બન્ને પુરુષો સંક્રમિત છે. દાહોદમાં એક નવો કેસ, ગાંધીનગરમાં ૧ એમ કુલ ૪૫ દર્દીઓ નોંધાયા છે.ગુજરાતમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોને શોધવા માટે ગત ૨૪ કલાક દરમિયાન કરેલા ટેસ્ટની વાત કરીએ તો ૧૯૯૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેમાં ૭૯ પોઝિટીવ અને ૧૯૧૭ નેગેટીવ આવ્યા છે. તેવી રીતે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૪૯૮૦ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેમાં ૬૧૭ લોકો કોરોના પોઝિટીવ અને ૧૪૩૬૩ લોકોનો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં કોરોના વાયરસનો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. તો બીજી બાજુ હોટસ્પોટ એરિયામાં પણ વધારો થઈ રહ્યો છે. ગુજરાતના ૨૦થી પણ વધુ જિલ્લાઓને કોરોના વાયરસે પોતાના સકંજામાં લઈ લીધો છે. ત્યારે આજે ભાવનગરના શિહોરમાં પ્રથમ પોઝિટીવ કેસ નોંધાયો છે. ભાવગરમાં પ્રથમ વખત કોરોના દેખાતા હડકંપ મચી જવા પામ્યો છે, આ સાથે જ હવે રાજ્યમાં કુલ ૫૭૩ પોઝિટિવ કેસનો આંકડો પહોંચી ગયો છે, જ્યારે ૨૬ના મોત અને ૫૪ દર્દી સાજા થતા ડિસ્ચાર્જ કરાયા છે.

# રેલવેએ તમામ પ્રવાસી ટ્રેનો ૩ મે સુધી સ્થગિત રાખી

ન્યુ દિલ્હી,તા.૧૪

૧૪મી એપ્રિલે મંગળવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકડાઉનને લઈને દેશવાસીઓને સંબોધન કર્યુ. પીએમ મોદીએ લોકડાઉન ૨.૦ની જાહેરાત કરી અને કહ્યું કે, હવે દેશમાં ત્રણ મે સુધી લોકડાઉન ચાલું રહેશે. આ બાદ ભારતીય રેલવેએ ૩જી મે સુધી પોતાની પેસેન્જર ટ્રેનો રદ કરી છે. રેલવેના અધિકારીએ તેની જાણકારી આપતા કહ્યું કે, રેલવેએ ૩ મે સુધી પોતાની બધી પેસેન્જર સેવા બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. જલ્દી જ તેના પર વિસ્તૃત જાણકારી આપવામાં આવશે. આ પહેલા પેસેન્જર ટ્રેનોને ૧૪ એપ્રિલની રાત સુધી રદ કરવામાં આવી હતી.

રેલવે મંત્રાલય તરફથી અપાયેલી જાણકારી મુજબ પ્રીમિયમ ટ્રેન, મેલ/એક્સપ્રેસ ટ્રેન, પેસેન્જર ટ્રેન, કોલકાતા મેટ્રો રેલ, કોંકણ રેલવે વગેરે ૩ મે સુધી રદ કરી દેવામાં આવી છે.હવાઈ સેવાઓની વાત કરીએ તો હાલમાં ૩૦ એપ્રિલ સુધી તેને બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. બની શકે કે ટ્રેન રદ કરવાના નિર્ણય બાદ હવે હવાઈ સેવાઓને પણ ૩મે સુધી રદ કરવાનો નિર્ણય લેવામાં આવે. જોકે આ સંદર્ભમાં અત્યાર સુધી કોઈ ઔપચારિક પુષ્ટિ કરવામાં આવી નથી.

### કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ દેશને સંબોધન કર્યુ

# કોરોના સામેની લડાઈમાં દરેક ભારતીય એક, કોંગ્રેસ પણ સરકારની સાથેઃ સોનિયા ગાંધી

ન્યુ દિલ્હી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રજોગ સંબોધનના ત્રણ કલાક અગાઉ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ દેશને સંબોધતો એક વીડિયો સંદેશ રજૂ કર્યો છે. કોંગ્રેસે ટ્વિટર હેન્ડલ પર શેર કરેલા આ વિયોમાં સોનિયા ગાંધીએ કોરોના સંકટમાં ડોકર્ટર્સ, સ્વચ્છતાકર્મીઓ, પોલીસ સહિત સરકારી અધિકારીઓની ફ્રન્ટલાઈન પર કામગીરીથી સૌથી મોટી દેશભક્તિ બીજી કોઈ નથી તેમ જણાવ્યું છે. તેમણે વિશ્વાય વ્યક્ત કર્યો કે એકતા, અનુશાસન અને આત્મબળના ભાવથી દેશ કોરોનાને પરાજીત કરશે.

સોનિયા ગાંધીએ જણાવ્યું કે, 'આજે કોરોના સંકટથી ઉગરવામાં આપ સૌ આ લડાઈમાં ઊભા છો તેનાથી મોટી દેશભક્તિ બીજી શું હોઈ શકે. અમે આ કપરા સમયમાં તમારા પરિવારજનો, પતિ, પત્ની, બાળકો, માતા-પિતાના ત્યાગ અને બલિદાનને ક્યારેય નહીં ભૂલી શકીએ.' જોખમો વચ્ચે પણ તમારા સહયોગ અને સમર્પણથી તમે આ લડાઈ લડી શકો છો. આ



લોકોને ધન્યાવાદ આપવા માટે મારી પાસે શબ્દો નથી.

વ્યક્તિગત સુરક્ષાના અભાવ વચ્ચે પણ આપણા યોદ્ધાઓ આ લડાઈ જીતવા માટે દિન-રાત એક કરી રહ્યા છે. આપણા ડોક્ટર, સ્વચ્છતા કર્મીઓ અને સમાજસેવી સંગઠનો વ્યક્તિગત સુરક્ષા સાધનોની અછત વચ્ચે પણ લોકોની સારવાર કરી રહ્યા છે. પોલીસ અને જવાનો ચોકી પહેરો કરી નિયમોનું પાલન કરાવી રહ્યા છે. સફાઈ કર્મચારીઓ આ મુશ્કેલ સમયમાં સંશાધનોની અછત છતા પણ સંક્રમણ ફેલાતું રોકવા માટે સતત સફાઈ જાળવી રહ્યા છે. સરકારી અધિકારી ૨૪ કલાક આ વાયરસ પર નિયંત્રણ મેળવવા અને લોકો સુધી સુવિધાઓ પહોંચાડવા માટે મહેનત કરી રહ્યા છે પરંતુ તમારા સહયોગ વગર આ લડાઈ નબળી પડી શકે છે અને આપણે તેમ થવા નહીં દઈએ, તેમ સોનિયા ગાંધીએ જણાવ્યું હતું.

કેટલાક સ્થળે ડોક્ટર્સ સાથે દુર્વ્યવહારનો ઉલ્લેખ કરતા સોનિયા ગાંધીએ જણાવ્યું કે, આ ખોટું છે કારણ કે આમ કરવું તે આપણી સભ્યતા અને સંસ્કૃતિ નથી. આપણે આ લોકોનું સમ્માન કરવું જોઈએ. દેશ અત્યારે એક થઈને કોરોના સામેની જંગ જીતવા પ્રયાસ કરી રહ્યો છે. લોકસેવા કરી રહેલા તમામ લોકો ધન્યાવાદને પાત્ર છે.કોંગ્રેસનો દરેક કાર્યકર દેશના મુશ્કેલ સમયમાં પોતાની જવાબદારી સમજીને આ યોદ્ધાઓની મદદ કરવા માટે હંમેશા તૈયાર છે. મદદ માટે લોકો અમારા મધ્યસ્થ કંટ્રોલ રૂમનો સંપર્ક કરી શકે છે. કોંગ્રેસન સૈનિક સંભવિત તમામ મદદ કરશે. કોંગ્રેસ સરકારમાં હોય અથવા વિપક્ષમાં તે તમામ પળે મદદ માટે તત્પર છે. અમને વિશ્વાસ છે કે દેશ વહેલી તકે આ સંકટમાંથી બહાર આવી જશે.

# મોદીજીના સૂચનો કે લોકડાઉન નિયમોના ધજીયા ઉડાવનારઓને સબક ક્યારે.....?

(જીએનએસઃ હર્ષદ કામદાર)

કોરોના સંક્રમિતોની સંખ્યા વિશ્વભરમાં ૨૦ લાખને પાર થઈ ગઈ છે. જ્યારે મૃતાક ૧લાખ ૨૦ હજારે પહોંચી ગયો છે. અમેરિકાએ મૃતાકમા ઈટલીને પાછળ છોડી દીધુ છે તેમ જહોન્સ હોપકિન્સ યુની.માંથી જાણવા મળે છે. ફ્રાન્સમાં મૃતાક વધતા ર્ક્ષાર્દ્બુહ ૧૧ મે સુધી લંબાયું છે. ત્યારે ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦૩૬૩ અને મૃતાક ૩૩૯ નોંધાયા છે જ્યારે બધા મળીને ૧૩૦૫૨ લોકો કોરોન્ટાઈન છે. દેશના રાજયો પૈકીમાં દિલ્હી, પંજાબ, બંગાળ, ઓડિશા, મહારાષ્ટ્ર રાજ્યોએ ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન લંબાવી દીધું છે.ત્યારે વડાપ્રધાન મોદીજીએ આજે નવો ચીલો ચાતરી ૩ મે સુધી ર્ક્ષાર્દ્બુહ લંબાવવાની જાહેરાત સાથે જ લોકડાઉન અમલ કરવા માટેની નવી ગાઈડ લાઈન આવતીકાલે બુધવારે જાહેર કરવાના છે. દેશમાં કોરોનાની ગંભીરતાને લઈને ૩ મે સુધી લોકડાઉન જાહેર કર્યુ મતલબ ૧૯ દિવસ માટે.... જે નોંધનીય છે પરંતુ ખરેખર તો ભારતમાં બે માસ સળંગ લોકડાઉન જાહેર કરવું જરૂરી છે તે સાથે તમામ માનવીય અભિગમ પણ અપનાવવાં જરૂરી છે... કારણ આજે પણ ભારતમાં લોકડાઉન હોવા છતાં દેશના અનેક રાજ્યોમાં પરપ્રાંતીઓ પોતાના વતન તરફ જવા ફાફા રહ્યા છે, તેમની પાસે ખાવાના પૈસાના સાસા છે. દેશનું આર્થિક તંત્ર તેના કારણે દોડતું રહે છે તે પૈકીના લાખો શ્રમજીવીઓ, મજૂરો, ગરીબોને ખાવાનું મળતું નથી.....! જેને કારણે લોકડાઉન ભંગ થઈ રહ્યો છે..... તેમજ અનેક ના સમજ લોકો કે જેઓ કોરોનાની ગંભીરતા ન સમજતાં અમુક લોકો પાર્ટીઓ કરે છે, તો ધાર્મિક કાર્યક્રમો પણ થતા રહે છે. અનેકો પોતાના ધાબા કે ટેરેસ પર પાર્ટી કરે છે, શેરી,મહોલ્લા કે સોસાયટી બહાર બેસે છે તેવાઓ તથા કોઈ પણ બહાને ઘરબહાર ખોટા બહાને ટહેલવા નીકળી પડે છે.... પોલીસ બધે પહોંચી શકે તેવી સ્થિતિ નથી. વસ્તીના પ્રમાણમાં માડ અડધી પોલીસ છે અને એ કારણે સરકારોએ નિવૃત્ત પોલીસો- એસઆરપી-બીએસએફ વગેરે તેમજ હોમગાર્ડ,એનસીસી યુવાઓની સેવા લેવાનું શરૂ કરી દીધું છે... પરંતુ હવે એસઆરપી, બીએસએફ અને રેપિડ એક્શન ફોર્સને પણ મેદાનમાં ઉતારવાની ફરજ પડી છે. અને એ કારણે મોદીજીએ દેશભરના ભણેલા-ગણેલા નાસમજ અબુધોને રખડતા કે પાર્ટીઓ કરતા કે ટોળકીમા જમા થતાઓને અટકાવવા માટે નિયમોનું ચુસ્ત પાલન કરાવવાના દિશા નિર્દેશ આપવા ફરજ પડી છે.....!

દેશમાં જયારે મહામારી ચાલી રહી છે ત્યારે દેશને માર્ગદર્શન આપનાર વડાપ્રધાન મોદીજીના સૂચનોનું જાહેરમાં લિલામ તેમના નેતાઓ જ કરતા રહે છે.... જેમાં દિલ્હી ખાતે દિલ્હી ભાજપા અધ્યક્ષ માસ્ક વેચવા ભીડ કરી, કર્ણાટકમાં ભાજપના મંત્રીશ્રીએ તેમનો જન્મદિવસ લોક ટોળા વચ્ચે ભારે ધામધૂમથી ઉજવ્યો, તો ગુજરાત ભાજપા અધ્યક્ષ દરેક પક્ષો એક થઈને કોરોનાનો સામનો કરી રહ્યા છે -સરકાર સાથે છે ત્યારે વિપક્ષ વિરુદ્ધ નિવેદન કર્યુ તો કચ્છના ભાજપા મંત્રીએ કલેક્ટરને ચેક અર્પણ કરી બહાર આવી સો જેટલા લોકો સાથે ફોટોશૂટ કરાવ્યું, તો તાજો દાખલો છે ગુજરાતની સંસ્કાર નગરી વડોદરામાં પોતાના વિસ્તારમાં દવા છંટકાવ ન થતા ભાજપાના જ કોર્પોરેટરે પોતાનો લેઘો કાઢી જાહેરમાં દેખાવ કરતાં લોકો એકઠા થઈ ગયા ત્યારે આવા લોકોને કોણ રોકશે....? સરકાર તેઓની સામે ક્યારે પગલાં લેશે....? અને એ કારણે કેન્દ્ર સરકાર કે રાજય સરકારે દરેક નાગરિકો સાથે કાયદાનુસાર એકસરખો જ અમલ કરવા આદેશો આપવા જોઈએ. જે અતિ જરૂરી છે. કોરોનાએ વિશ્વના અર્થતંત્રને રફેદફે કરી નાખ્યું છે જયારે ભારતીય અર્થતંત્રને પણ ૮ લાખ કરોડનું નુકસાન પહોંચાડી દીધું છે. તો ગુજરાતની તિજોરીમાં મોટું ગાબડું પડવાનું છે જે વાત સ્વીકારવી જોઈએ.... કોરોનાને કારણે ખાવાના સાસા પડતા યુપીમાં એક માતાએ પોતાના પાંચ સંતાનોને ગંગા નદીમાં નાખી દીધા તો અસંગઠિત કામદારો, ગરીબોની, મજુરોની હાલત કેવી હશે.....?! સરકારો તેનાથી બનતી તમામ સહાય કરે છે પરંતુ બધે ન પહોંચી શકે....?ત્યારે વધુમાં વધુ નાના-મોટા ભામાશાઓએ બહાર આવી આવા જરૂરતમંદોને ખાવાનું આપવા કે પછી અનાજ આપવા તૈયાર થવું જરૂરી છે... કારણ મજુરોની ભૂખ ન કરવાનું કરી શકે.....! ત્યારે ધર્મસ્થાનોમાં દાન આપનાર સમજે.... કે ધર્મ તો પુરાઈ ગયો છે... કોઈ માનવીની મદદે આવ્યો નથી... ત્યારે તમે પોતે જ ધર્મ છો તેમ સમજીને જરૂરતમંદ લોકોની સહાય માટે મદદમાં આવું જરૂરી છે.....!

ગુજરાત સહિત દેશભરમાં બધું જ બંધ છે. લોકોની આવક પણ બંધ છે. મહામારી દૂર થયા બાદ તમામ ક્ષેત્રો ધમધમતા થવામાં છ માસથી વધુ સમય થઇ જશે.....! તે સ્પષ્ટ હકીકત છે. જ્યારે સરકારે અનેક સહાય જાહેર કરી છે જેમાં બેંક અને મકાન હપ્તામા રાહત આપી છે. તો સરકારી વીજળીના બિલમાં રાહતો આપી છે.... તો પછી મહાનગરો-શહેરોમાં લાઇટબીલ માફી - શાળાઓમિ ફી માફી આપવામાં વાંધો શુ હોઈ શકે.....? જો ઉદ્યોગોને વિજ માફ કરી શકાય તો રહેણાક વિસ્તારોને માફી આપવાનુ સરકાર વિચારે તે અતિ જરૂરી છે..... અને સમયની માંગ છે. ગુજરાતમાં ખાસ તો અમદાવાદ, વડોદરા, સુરત શહેરમાં વધુ પ્રમાણમાં કોરોના સંક્રમિત કેસો નોંધાયા છે. તેમાં પણ અમદાવાદનો કોટ વિસ્તાર હોટસ્પોટ બની ગયો છે, સુરતનો વરાછા વિસ્તાર જેથી સરકાર, મનપા, આરોગ્ય તંત્ર, પોલીસ તંત્ર ભારે તકલીફમાં મુકાઈ ગયું છે. કોટ વિસ્તારનેતો ર્ક્ષ્ટો જાહેર કરાયો છે ત્યારે કેટલાક લોકોની ના સમજ ને લઈને ર્ક્ષાર્દ્બુહ નિયમ ભંગ કરનારા સામે લાલ આખ કરવાની તંત્રને ફરજ પડી છે .મોઢા પર માસ્ક,રૂમાલ,કપડુ ન બાધે તો પાંચ હજારનો દંડ અને દંડ ન ભરે તો જેલની બાબતે અમદાવાદની આમ પ્રજાએ અમલ કરી દીધો છે... જે સ્પષ્ટ દેખાય છે. જે સ્તુત્ય પગલું છે. ત્યારે ટહેલવા-રખડવા નિકળી પડનારાઓ સાવધાન હવે પોલીસની મદદમાં એસઆરપી, બીએસએફ,પેરા મિલેટ્રી મેદાનમાં ઉતારવાની સરકારને ફરજ પડી છે. ત્યારે હવે નિયમ તોડશો નહીં તેમા જ સૌની ભલાઈ છે....વંદે માતરમ્

# કોમોડિટી સહિતની એસેટ ક્લાસમાં સોદા કરતી વખતે સ્ટોપલોસ અચૂક રાખો

**સોદાની એકદમ નજીકનો સ્ટોપલોસ રાખવાનો કોઈ મતલબ નથી કારણ કે આવા સ્ટોપલોસ દૈનિક ઊથલપાથલ દરમિયાન તુરંત સક્રિય બની જાય છે એટલે ઊથલપાથલની ગણતરી કરીને સ્ટોપલોસ નક્કી કરો**

નૈમિષ ત્રિવેદી

હાલના સમયમાં શેરબજારો અને કોમોડિટી બજારોમાં મોટી ઊથલપાથલ જોવા મળી રહી છે, ત્યારે કોમોડિટી સહિતની કોઈપણ એસેટ ક્લાસમાં આપ કોઈ સોદો કરતા હોવ તો ઘટવાતરફી ભાવ સામે સલામતી મેળવવી જરૂરી છે. સંબંધિત કોમોડિટીઝ માટે દરેક ટ્રેડરને પોતાનો મત હોય છે અને તે કોમોડિટીમાં તે મુજબની પોઝીશન લેતો હોય છે. ઉદાહરણ તરીકે, તે સોનાના ભાવમાં વધારો થવાનું ધારે છે અને સોનાનો વાયદો ખરીદવાનો નિર્ણય કરે છે. જોકે, કોઈ અચાનક ઘટનાને કારણે સોનાના ભાવ ઘટે તો? આ પ્રકારની ભાવની ચંચળતામાં સ્ટોપલોસ મદદરૂપ થાય છે.દાખલા તરીકે, ટ્રેડર રૂ.૪૫,૮૯૦ના ભાવે સોનાના વાયદાનો કોન્ટ્રેક્ટ ખરીદે છે અને ભાવ વધવાની ધારણા રાખે છે. તે રૂ.૪૫,૦૦૦ના ભાવે સ્ટોપલોસ સાથે સોદો કરી શકે છે.જો સોનાના ભાવ ઘટીને રૂ.૪૫,૦૦૦ થાય તો તેનો સોદો સક્રિય થઈ જશે અને વાયદાનો કોન્ટ્રેક્ટ વેચાઈ શકશે. આમ, તે માત્ર રૂ.૮૯૦ની ખોટ કરશે. જોકે, આથી વધુ ભાવઘટાડાથી તે બચી જશે. જો ટ્રેડરે કોન્ટ્રેક્ટનું શોર્ટ સેલ કર્યું હોય તો તેણે કોન્ટ્રેક્ટ ખરીદવા સ્ટોપલોસ ઓર્ડર મૂકવો જોઈએ, કારણ કે તેનાથી વિશિષ્ટપણે સોદો સરખો (સ્ક્વેર ઓફ) થઈ જાય છે અને તેને પોસાય તેટલી જ ખોટ સાથે સોદામાંથી બહાર નીકળવાનો માર્ગ ઉપલબ્ધ બને છે. આ બાબત, ટ્રેડરોને બજારમાં મોટી ઊથલપાથલને કારણે સંપૂર્ણ ધોવાઈ જવા સામે સલામતી પૂરી પાડે છે. સ્ટોપલોસ સોદો મૂકતા પહેલાં અત્રે અપાયેલા મુદ્દા જાણી લેવા જરૂરી છે.

સ્ટોપલોસનો સોદો કરતાં પહેલાં કોમોડિટી દિવસ દરમિયાન ભાવમાં કેટલી સામાન્ય ઊથલપાથલ કરશે તેની ગણતરી કરો. પ્રવેશ ભાવની એકદમ નજીકનો ભાવ નક્કી કરવાનો કોઈ મતલબ રહેતો નથી, કારણ કે જો આવો ભાવ કોમોડિટીમાં જોવાતી દૈનિક ઊથલપાથલની નજીકની રેન્જમાં હશે તો તરત જ સક્રિય બની જશે.

સ્ટોપલોસ સોદો ટ્રેડિંગ સંબંધી લાગણીને દૂર કરે છે. તે નુકસાનકારક સોદામાંથી બહાર નીકળી જવામાં મદદરૂપ થાય છે.બજારનાં કામકાજના કલાકો દરમિયાન ભાવ મેળવવાની કે પોતાના બ્રોકર સુધી પહોંચ કેળવવાની શક્યતા ન હોય તેવા સમયે સ્ટોપલોસ સોદો અનિવાર્ય બની રહે છે.

ફાયદાકારક સોદામાં પણ સ્ટોપલોસના ઓર્ડર પર નજર રાખવી જરૂરી છે. જો તમે નફામાં હોવ તો તેજીના સમયમાં સ્ટોપલોસની મર્યાદા ઊંચી લઈ જઈ શકો છો. કોમોડિટીમાં મંદીમાં હોવ ત્યારે ભાવ ઘટે તેમ સ્ટોપલોસ ઓર્ડરને નીચો લાવી શકો છો.

## પોલીસકર્મીઓને એનર્જી ડ્રિન્ક વિતરણ કરતો પરિવાર

# મોડાસા ચાર રસ્તા પર કોરોના વોરિયર્સ માટે સેનેટાઇઝર સ્પ્રે મશીનથી સુરક્ષા






અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાની વૈશ્વિક મહામારીએ હાહાકાર મચાવ્યો છે આપણી સુરક્ષા માટે ચોવીસે કલાક રસ્તા પર લોકડાઉનનું પાલન કરાવતાં પોલીસકર્મીઓ પણ કોરોનના સંક્રમણ થી બચી શક્યા નથી અમદાવાદના કાલુપુરમાં ફરજ બજાવતાં પોલીસકર્મીને કોરોના પોઝિટિવ આવતાં પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાર રસ્તા પર જીવન જોખમે રાઉન્ડ ધી ક્લોક પોલીસકર્મીઓ જીવન જોખમે લોકડાઉનની કામગીરીમાં જોતરાયા છે ત્યારે પોલીસકર્મીઓ અને તેમના પરિવારની સુરક્ષા માટે ચાર રસ્તા પર સેનેટાઇઝર સ્પ્રે મશીન મુકવામાં આવ્યું છે પોલીસકર્મીઓ ફરજના સ્થળ પર હાજર થતા અને ઘરે જતા પહેલા સેનેટાઇઝર સ્પ્રે મશીન થી સંપૂર્ણ સૅનેટાઇઝ થઈ કોરોના સામે રક્ષણ મેળવશે ચાર રસ્તા પર સેનેટાઈઝર સ્પ્રે મશીન ઉપલબ્દ્ધ થતા પોલીસતંત્રમાં આનંદ છવાયો હતો રાજ્યમાં લોકડાઉનનું પાલન કરાવવા માટે રાજ્ય પોલીસના જવાનો ધોમધખતા તાપ અને આકરા ઉનાળા વચ્ચે પણ ખડેપગે રહી પોતાની ફરજ બજાવી રહ્યા છે અને લોકોને ઘરમાં રહી કોરોના સામેની જંગ જીતવા માટે જાગૃત કરી રહ્યા છે.મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં હિટવેવની સ્થિતિમાં લોકડાઉનની અમલવારી માટે ખડેપગે રહેતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને છેલ્લા બે દિવસથી સેવાકીય કાર્યો સાથે સાંકળયેલા વેલાણી પરિવાર અને અન્ય એક પરિવાર એનર્જી ડ્રિન્કનું વિતરણ કરી પોલીસકર્મીઓને કાળઝાળ ગરમી થી જોવા મળતા ડીહાઈડ્રેશન સામે રક્ષણ પુરી પાડી માનવતા મહેકાવી રહ્યું છે





**દિન-પ્રતિદિન કોરોનાવાયરસ ના પોઝિટિવ કેસ ના કારણે પાટણમાં પણ તંત્ર સતર્ક બન્યું છે ત્યારે પાટણના વિવિધ વિસ્તારોમાં પાટણ નગરપાલિકા તથા ભાજપના કાર્યકરો દ્વારા સેનેટાઈઝર નો છંટકાવ કરવામાં આવી રહ્યો છે ત્યારે પાટણની ટેલીફોન એક્સચેન્જ રોડ ઉપર આવેલ પ્રભુનગર સોસાયટી, સારથી ટેટસ બંગલો, કર્મભૂમિ સોસાયટી વગેરે વિસ્તારોમાં આજે રાત્રે નગરપાલિકા તંત્ર તથા ભાજપના કાર્યકરો દ્વારા સેનેટાઈઝર નો છંટકાવ કરવામાં આવ્યો હતો ભાજપના કિશોરભાઈ મહેશ્વરી ચંદ્રકાંતભાઈ પટેલ દેવાંશુ પટેલે સાથે રહીને સોસાયટીઓમાં સેનેટાઈજર નો છંટકાવ કરાવ્યો હતો અને જણાવ્યું હતું કે મહેરબાની કરીને ઘરની બહાર કોઈ નીકળવું નહીં અને મોઢે માસ્ક બાંધ્યા વગર ફરવું નહિ અને સ્વચ્છતા જાળવો શરીરમાં કોઈ પણ બીમારી જણાય તો તાત્કાલિક ડોક્ટર નો સંપર્ક કરી ચકાસણી કરાવી લેવી તેમ જણાવી સલામત રહેવા કહ્યું હતું.. .તસવીર અહેવાલ સ્વામી સતીશ**

# વડોદરામાં કોરોનાના વધુ ૫ પોઝિટિવ કેસ નોંધાયા

વડોદરા,તા.૧૪

વડોદરા શહેરમાં આજે કોરોના વાઈરસના વધુ ૫ કેસ નોંધાયા છે. અત્યાર સુધી કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૧૧૩ ઉપર પહોંચી ગયો છે. જેમાં ૩ કેસ નાગરવાડા વિસ્તારના અને ૨ કેસ કારેલીબાગ સ્થિત આનંદનગરના છે. સોમવારે રેડ ઝોન નાગરવાડા નજીક આવેલા કોઠી પોળ તથા કારેલીબાગમાંથી એક-એક કોરોના પોઝિટિવ કેસ આવતા તંત્રમાં ચિંતાનો વિષય બન્યું હતું. ત્યારે આજે બીજા દિવસે પણ કારેલીબાગ વિસ્તારમાંથી ૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. કારેલીબાગમાં અત્યાર સુધી ૩ પોઝિટિવ કેસો નોંધાયા છે. આમ નાગરવાડા વિસ્તારમાં પછી કારેલીબાગ વિસ્તારમાં કેસો વધ્યા છે. જેને પગલે કોરોના કોવિડ-૧૯ પ્રસરતો ફેલાવવા અટકાવવા માટે વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. રેડ ઝોન તરીકે જાહેર કરાયેલા નાગરવાડાની પાસે આવેલા કોઠી પોળ, રાવપુરામાં પ્રથમ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યો હતો. જેને કારણે કોરોના રેડ ઝોનની બહાર પ્રસરી રહ્યો છે. કોઠીના કોરોના પોઝિટિવ આધેડ ૬ મહિના પહેલા જ વિસ્તારમાં રહેવા માટે આવ્યા હતા અને તેઓ રાવપુરામાં વિસ્તારમાં ઠંડા પીણાની દુકાન ધરાવે છે. આ ઉપરાંત કારેલીબાગ વિસ્તારના આનંદનગર સ્થિત સત્યમ એપાર્ટમેન્ટમાં ૪૦ વર્ષની મહિલાને પણ કોરોના વાઈરસ પોઝિટિવ આવ્યો છે, ત્યાર બાદ આનંદનગરમાં આજે વધુ બે કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે.વડોદરામાં નાગરવાડા વિસ્તારમાં પ્રથમ કોરોના પોઝિટિવ કેસ થવા પાછળની કડી શોધવા માટે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સઘન તપાસ શરૂ કરી દેવામાં આવી હતી.

## દાહોદ જિલ્લા રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા

# કોરોના મહામારીમાં જરૂરિયાતમંદોને ૫૫૦ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું




તા:૧૩/૦૪/૨૦૨૦ ને સોમવાર ના રોજ દાહોદ જિલ્લા રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા કોરોના મહામારીમાં જરૂરિયાતમંદોને ૫૫૦ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું.

જેનું ઉદઘાટન ચોપાટ પાલ્લી તાલુકો લીમખેડાની પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યું જેમાં ચોપાટ પાલ્લી ગામમાં ૨૫ કીટનું વિતરણ લીમખેડા પ્રાંત અધિકારીશ્રી ડી.કે.હડિયેલ સાહેબશ્રી, દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.બી.પટેલ સાહેબ, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષશ્રી બળવંતસિંહ ડાંગર, મંત્રીશ્રી નિતેશભાઈ પટેલ, સંગઠન મંત્રીશ્રી અર્જુનભાઈ પ્રજાપતિ, રાજ્ય કારોબારીશ્રી દેશીંગભાઈ તડવી, લીમખેડા શૈક્ષિક મહાસંગના અધ્યક્ષશ્રી રાકેશભાઈ બારીયા, મંત્રીશ્રી શનુભાઈ ભાભોર તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિભાગ સેવા પ્રમુખ શ્રી બળવંતસિંહ રાવત તથા જિલ્લા સેવા પ્રમુખ માનહરભાઈ પટેલ હાજર રહ્યા. આ ઉપરાંત જીલાના ૯ તાલુકાઓના ૧૦૦ ગામમાં વિતરણ કરવામાં આવ્યું.

## દાંતા પાસે ના નવાવાસ ગામ માં

# હોમિયો પેથીક ડોકટર એલોપેથીક સારવાર કરે છે, દાંતા તાલુકામાં બોગસ ડોકટરો નો રાફડો

કોરોના વાયરસ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે ત્યારે ભારત દેશમાં પણ કોરોના કેસના દર્દીઓની સંખ્યામાં ભારે વધારો થઈ રહ્યો છે ગુજરાત રાજયમાં છેવાડાના એવા બનાસકાંઠા જિલ્લામાં પણ કોરોનાવાયરસ ના બી પોઝીટીવ કેસ આવતા આરોગ્ય વિભાગ અને વહિવટી વિભાગ દોડતું થયું છે ત્યારે ગુજરાતના સૌથી પછાત એવા દાંતા તાલુકામાં આવેલા ગામોમાં બોગસ ડોકટરોનો મોટો રાફડો ફાટયો છે આવા બની બેઠેલા ડૉક્ટરો કાયદેસર ડિગ્રી ધરાવતા નથી તો કેટલાક ડૉક્ટરો આયુર્વેદિક ની ડીગ્રી ધરાવે છે તો કેટલાક ડૉક્ટરો હોમિયોપેથીક ની ડીગ્રી ધરાવે છે આવા ડોક્ટરો ક્ષ્ર્ઠાર્ક્ષ્રહ ના સમયે દર્દીઓ સાથે ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે અને પોતાના હોસ્પિટલમાંથી જ દવાઓ દર્દીને આપી રહ્યા છે

દાંતા તાલુકાના ગામોમાં માત્ર અંબાજીમાં ડોક્ટર વિનોદ કુમાર ગુપ્તા શિવાય એક પણ ડોક્ટર એમબીબીએસ ડિગ્રી ધરાવતા નથી અને આવા ડોક્ટરો આયુર્વેદિક અને હોમીઓપેથી ની ડીગ્રી લાવી દાંતા તાલુકાના ગામડાઓમાં અને બીજા ગામોમાં એલોપેથિક સારવાર કરી રહ્યા છે જે કાયદાથી વિરુદ્ધ છે બનાસકાંઠા જિલ્લાના આરોગ્ય અધિકારી દાંતા તાલુકાના તમામ ગામોમાં આવા બની બેઠેલા ડોક્ટર પર કાયદેસર કાર્યવાહી કરી દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા ડોક્ટરોને ખુલ્લા પાડવા ની જરૂર છે, આજે નવાવાસ ગામે દેના બેંક પાસે આવેલા ડોક્ટર મહેમુદ પોતાના ઘરમાં જ દવાખાનું ચલાવી રહ્યા છે જ્યારે તેમની પાસે ડિગ્રી નું પૂછવામાં આવતા તેમણે જણાવેલ કે તમારે બતાવવું હોય તો બતાવો હું ગાંધીનગર સુધી હપ્તો આપું છું કોઈ મારું બગાડી શકે તેમ નથી , આમ આવી ખુલ્લી ધમકી આ ડોક્ટર આપી રહ્યા છે વધુમાં તેઓ પોતાના ઘરમાં દવાઓનો મોટા પ્રમાણમાં સ્ટોક રાખી રહ્યા છે જે કાયદાથી વિરુદ્ધ છે

કોઈ પણ ડોક્ટર પોતાના દવાખાના માં દવાઓ રાખી શકે નહિ

કોઈપણ ડોક્ટર ભલે પછી તે એમબીબીએસ હોય કે બીજી ડિગ્રી ધરાવતા હોય પણ પોતાના હોસ્પિટલમાં એલોપેથિક દવાઓનો સ્ટોક રાખી શકે નહીં દવાઓનો સ્ટોક મેડિકલ સ્ટોર વાળા જ રાખી શકે, તેમ છતાય દાંતા તાલુકાના ગામોમાં તમામ ડોક્ટરો પોતાના હોસ્પિટલમાં ગેરકાયદેસર રીતે દવાઓનો સ્ટોક રાખી રહ્યા છે જિલ્લા આરોગ્ય અધિકારી આવા ડોક્ટરો ઉપર કેમ પગલા ભરતું નથી

મેડિકલ સ્ટોર્સ વારાફરતી ખોલવા માટે પરિપત્ર બહાર પાડ્યો

બનાસકાંઠા જિલ્લા કલેકટર તરફથી તાજેતરમાં ગામમાં આવેલી મેડિકલ સ્ટોર્સ એક દિવસમાં માત્ર એક જ ખુલ્લી રહેશે તેઓ પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે પરંતુ આવા ડોક્ટરો પોતાની હોસ્પિટલમાં ગેરકાયદેસર રીતે દવાઓનો સ્ટોક રાખી રહ્યા છે જેને કારણે દાતા તાલુકામાં આવેલી તમામ મેડિકલ સ્ટોર વાળાને ભારે નુકશાન થઇ રહ્યું છે, અંબાજી અને દાંતા ગામ મા પણ આવા ડોકટરો પોતાના હોસ્પિટલમાં કેમ આટલી દવાઓ રાખી રહ્યા છે.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

# બકાનાં ગતકડાં ( ઘર કંકાસ )

લેખક : નિકેતા વ્યાસ - કુંચાલા

સવાર સવારમાં બહુ દિવસે ડોરબેલ વાગી. બધાના કાન ચમકયાં.હજી નાહીને તરત બહાર નીકળેલા બકાએ જોયું. ચીકુ એક્સરસાઈઝ અને ગટુ એની બેનપણી સાથે વિડીયોકોલ મૂકીને ખોલવા જાય એમ નહોતા.કસ્તુરી ન દેખાતાં ગંજી-ટુવાલભેર એણે જ બારણું ખોલ્યું. સોસાયટીમાં છૂટક કામ કરતો લાખન ઊભો હતો.

×જે રામજી કી સા'બ.×લાખને હાથ જોડી અભિવાદન કર્યું.

×જે રામજી કી. બોલ ભાઈ શું કામ પડ્યું ?×

×બકાભાઈ ગાંવ જાના હૈ.સરકાર કોઈ સ્પેસલ બસ દૌડાનેવાલી હૈ, ઐસા સુના હૈ. કહા સે મિલેગી જરા પતા કર દો ના.×લાખન બોલ્યો.

×દેખ ભાઈ અભી ઐસા કુછ મત સોચ. મુઝે નહીં લગતા યે બાત સચ હૈ. ફિર ભી ચલ પૂછતે હૈ.× બકાએ એસ ટી. બસ નિગમમાં પૂછપરછ કરી.આવી કોઈ બસ મૂકાવાની નથી એ જાણીને લાખન દુઃખી થયો.

×ટીવી મેં દેખા લોગ ચલકર ભી જા રહે હૈ. મેરા અભી અભી ઓપરેશન હુઆ હૈ. મૈં ઈતની દૂર ચલકર ભી નહીં જા સકતા.×એ રડી પડ્યો.

×દેખ મૈં સમજ સકતા હૂઁ. તુઝે ઘરવાલો કી યાદ આ રહી હોગી. લેકિન તુ જિંદા રહા તો ઉનસે કભી ભી મિલ સકતા હૈ. ઐસા ચલકર જાને કી સોચના ભી મત. પુલિસ બીચમે હી રોક દેગી.ઈધર શાંતિ સે રહે. કુછ ભી ચાહિયે તો બોલ.×

×નહીં સા'બ કુછ નહીં ચાહિયે. બસ ઘરવાલો કી યાદ આ રહી હૈ.× એ ગયો.

સેન્ટી થઈ ગયેલો બકો થોડીવારે નોર્મલ થયો. લાવ હવે આજે શું કરીશું ?એમ વિચારતો જ હતો ને એકદમ ગટુ દોડતી દોડતી આવી.×પપ્પા પપ્પા... જુઓ મુન્નીના પપ્પા...× એણે હાથમાનો મોબાઈલ લંબાવ્યો. એમાં વિડીયોકોલ ચાલુ હતો. ગુપ્તાના ઘરમાં ઝગડો ચાલતો હતો. બરાબર એ જ વખતે ગુપ્તાએ સટાક દઈને એની પત્નીને એક લાફો ઝીંકી દીધો.બકો ઊભો રહે ખરો ?બાળકોને ઘરે રહેવાની સૂચના આપીને પતિ પત્ની બેય ભાગ્યાં. રસ્તામાં બકાએ જોરથી બૂમ પાડી ×એ પટેલ... અમથાકાકા ....ચુનીકાકા... પાનચંદ... જગા... બાબુ... બહાર નીકળો. ગુપ્તાને ઘેર બબાલ થઈ છે...×બધા દોડ્યાં. ગુપ્તાના ઘરમાંથી જોર જોરથી બોલચાલના અવાજો આવતાં હતાં. બંધ દરવાજો ખખડાવ્યો. એની મોટી દીકરીએ દરવાજો ખોલ્યો.

×તારા બાપને બોલાય.×બકાએ સંયમિત અવાજમાં કહ્યું.

×વો તો... વો તો...× છોકરી અચકાઈ.

×તારી માં ને મારે છે ને ?અમને ખબર છે. એટલે જ એની ખબર લઈ નાખવા આવ્યા છીએ. જા એમ કહે સોસાયટીના ચેરમેન અને સેક્રેટરી આવ્યાં છે.× છોકરીની આંખમાંથી આ સાંભળીને લાચારીના આંસુ વહેવા લાગ્યા. એ ગઈ.

ગુપ્તા આવ્યો. પાછળ પાછળ એના મા બાપ પણ હતાં. ×શું થયું ?તમે બધાં અહીંયા ..× ગુપ્તા બોલ્યો.

×અમે એ જ પૂછીએ છીએ. તારા ઘરમાં શું માંડ્યું છે ?×સોસાયટીના ચેરમેન પટેલે પૂછ્યું.

×અરે કોણે એવું કહ્યું ?કશું થયું નથી.× ગુપ્તાએ જવાબ આપ્યો.

×તો બોલાવ તારી ઘરવારીને.×અમથાકાકાએ કડકાઈથી કહ્યું.

×અરે કૌન ઘરમેં મરદ લુગાઈ કી નોંક્ઝોક નહીં હોતી ?ઐસા હી બસ. ઔર કછુ નાહીં.×ગુપ્તાની માં એ જવાબ આપ્યો..

×પણ આ જ વાત તારી વાઈફના મોંઢે સાંભળવી છે. બોલાવ. બીવે છે શું ?×બકો બોલ્યો.

×આપ સે કયા મતલબ ?હમારે ઘરકા મામલા હૈ. ચલે જાઓ તુમ સબ.×ગુપ્તાના બાપા એ મોં બગાડ્યું.

×ઐસે કૈસે તુમ્હારે ઘર કા મામલા હો ગયા ? અભી જબ વાંદરા તુમ્હારી ધોતી લે ગયા થા તબ તો ચિલ્લા ચિલ્લા કે બુલા રહે થે સબકો.તુમ્હારે લિયે વાંદરે કો પથરા મારા તો અપને લગે... આજ જબ બોલા કી બહુ પર કયું હાથ ઉઠા રહે હો તો હમ પરાયે હો ગયે ? હં.... ??? યે અમદાવાદ હૈ, યે સબ નહીં ચલેગા. અભી પુલીસ બુલાકર મેરે પાસ વીડિયો રેકોડ઼્લગ હૈ વો સબૂત કે તૌર પર દેતા હૂઁ. ફિર પુલીસ કો બોલના આપ સે કયા મતલબ ?×બકાએ ચીમકી દીધી.

×એય સોડી તારી મા ને કે' કસ્તુરી આંટી બોલાવે છે.×કસ્તુરીએ બીજા રૂમમાંથી ડોકિયા કરતી નાની ટીનાને કહ્યું.

×અંજુ... ઓ અંજુ ...ઓંય આય જોય...×પરીકાકીએ બૂમ પાડી.

×હમારી બહુ નહીં આયેગી. જાવ તુમ સબ.×ડોહા ડોહીએ બુમરાણ કરી મૂક્યું.

×તુમ સબ જાતે હો કી પુલીસ કો બુલાઉ ?×ગુપ્તાએ ધમકી ઉચ્ચારી.બોલાય હેંડ.અમે બોલાઈએ એના કરતાં તું જ બોલાય. સાલા નપાવટ બાયડી ઉપર હાથ ઉપાડે છે ને પાછો હોશીયારીઓ મારે છે ?!

ચાલ ફોન કર સો નંબર ઉપર. આજે તને ને તારા ડોહા ડોહીને ફિટ કરાઈ દઈએ.×બકો બરાડયો. એનો ગુસ્સાથી તમતમતો ચહેરો જોઈ મા બાપ અને દીકરો ત્રણેય સ્તબ્ધ થઈ ગયાં. બરાબર એ જ વખતે ગુપ્તાની વહુ અંજુ ધીમે પગલે આવી. સાથે એની ચારે છોકરીઓ પણ હતી. મંછાકાકીએ હુકમ કર્યો :×એય ભગા આઘો જા. એને બા'ર આબ્બા દે. અંજુ ઓંય આય. હું થયું સોડી કયે.×

ભગવાનદાસ ગુપ્તા ઉર્ફે ભગો ખસ્યો તો નહીં પણ એણે અંજુનો હાથ પકડીને એને રોકી. એ જ ઘડીએ કોલેજમાં ભણતી મોટી છોકરીએ એનો હાથ ખસેડી માને લઈને બહાર નીકળી આવી. અંજુના ગોરા ગાલ ઉપર ચાર આંગળાંના નિશાન ચોખ્ખાં દેખાતાં હતાં.

× યે કયા હૈ ..? કયું મારા અંજુ કો ..?!× ગુસ્સે થયેલી કસ્તુરી ભગા તરફ જોઈ બરાડી. ભગો બોલે કે ચાલે.!

શરમની મારી અંજુ નીચું જોઈ રહી હતી. એની આંખોમાંથી આંસુ હજી રોકાતા નહોતાં. આંખો અને ચહેરો સુજી ગયાં હતાં.પરીકાકીએ અંજુને બાથમાં ખેંચી વ્હાલ કરતા પૂછ્યું :×અંજુ હું થયું બેટા ?ભગાએ તન ચમ મારી ?× જવાબમાં હીબકાં ભરી ભરીને રડતી અંજુ કઈ બોલી ના શકી. કદાચ આ તાયફાનો એને એટલો બધો આઘાત લાગ્યો હતો કે એ બોલવાની પરિસ્થિતિમાં જ નહોતી.

×વો મુજ સે સિંદૂર કી ડિબ્બી ગિર ગઈ... તો ઈસ લિયે...×ત્રુટક ત્રુટક આટલું માંડ બોલી શકી.

×આન્ટી સિંદૂર કી ડિબ્બી ગિર જાયે તો અપશગુન હોતા હૈ ના ! ઈસ લિયે કોરોના મેં કહીં પાપા મર ગયે તો ..?! યે સોચકર દાદીને માં કો ખૂબ ગાલિયાં દી. તો માં ને કહા કી ઐસા કુછ નહીં હોગા. તબ પાપાને જબાન ચલાતી હૈ કર કે માં કો ડંડે સે પીટા...× નાની ટીનકીએ બધો મામલો સાફ કરી દીધો.

પાનચંદ, સલ્લુ, ચીનુ, અમથાકાકા, ચુનીકાકા, મંછાકાકી, પરીકાકી, કમળાકાકી, જાગુભાભી, કસ્તુરી... બધાએ એકસાથે ગુપ્તા અને એના માબાપનો ઉધડો લઈ નાખ્યો.

×સિંદૂર ઢળી જાય તો વરને કોરોના થાય એવી શોધ હજી થઈ નથી ભાઈ.×

× મોટી ઉંમરની વ્યકિતઓને કોરોના થવાની સંભાવના વધારે હોય. એટલે થાય તો તારા ડોહા ડોહીને થાય. સાલા આવી વાતોમાં તું... ફટ છે તને.×

×મર્દ હોકર ઔરત પર હાથ ઉઠાયે વો મર્દ નહીં નામર્દ હૈ.×સલ્લુએ પહાડી અવાજમાં કહ્યું.

સો નંબર પર ફોન કરવા બકાએ ફોન ઉપાડ્યો. રડતી અંજુએ આંસુ લૂછયાં. એક ડગલું આગળ વધી બકાની નજીક આવી. એની અને બકાની આંખો મળી. એણે બે હાથ જોડ્યા. એની લાચાર આંખો ઘણું બધું કહેતી હતી.×પ્લીઝ... જાને દો.×એટલું બોલી એણે ગુપ્તાની સામે જોયું. એ શરમથી નીચું જોઈ ગયો. પટેલે ચીમકી આપી પછી સૌ વિખેરાયાં.

ઘરે જતાં પહેલાં બકાએ સોસાયટીના બોર્ડ ઉપર કંઈક લખ્યું. કસમથી એકે એક જણ વારાફરતી જઈને વાંચી આવ્યું.જેમાં લખ્યું હતું...

× જો તમારી ઘરવાળી સેંથામાં સિંદૂર પૂરતી હોય તો સાચવજો. જેની સિંદૂરની ડબી ઢોળાશે એના વરને કોરોના થશે થશે ને થશે.

લિ. બાબા ભગવાનદાસ ગુપ્તા .×



વિશ્રવમ આર્ટસ (સરકાર માન્ય ) દ્વારા ગરીબ અને જરૂરીયાતમંદ લોકો ને જમવાનું / અનાજ ની કીટ નુ વિતરણ.કોરોના ની મહામારી વચ્ચે ૩૦૦ થી વધારે પરિવારો ને અનાજ ની કીટ નુ વિતરણ તેમજ જમવાનું સતત ૨૧ દિવસ થી વિશ્રવમ આર્ટસ ના આગેવાન વિવેક શાહ માનવતા નાતે આ ભગીરથ કાર્ય કરી રહ્યા છે.

### મોડાસા મહિલા પોલીસ સ્ટેશન પાસે

# દેશી દારૂની પોટલીઓ સાથે પસાર થતા બુટલેગરની બાઈક સ્લીપ દેશી દારૂની રેલમછેલ

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના મહામારીને લઈને સમગ્ર દેશ લોકડાઉન છે લોકડાઉન ૩ મે સુધી લોકડાઉન વધારવાનો નિર્ણય કર્યો છે પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કમરકસી રહી છે બીજીબાજુ બુટલેગરો પોલીસતંત્રની વ્યસ્તતાનો ફાયદો ઉઠાવી રહ્યા છે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે મોડાસા મહિલા પોલીસ સ્ટેશન નજીક બાઈકપર દેશી દારૂની પોટલીઓ સાથે પસાર થતા બુટલેગરની બાઈક સ્લીપ થતા બાઈક સાથે રોડ પર પટકાતા દેશી દારૂની પોટલીઓ ફૂટી જતા રોડ પર દેશી દારૂની રેલમછેલ થતા દારૂબંધીની અમલવારીનો પરપોટો ફૂટી ગયો હતો નવાઈ ની વાત તો એ હતી કે પોલીસ જીપ નજીક ઉભી હોવા છતાં તમાશો જોઈ રહી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર લોકડાઉનનની અમલવારી સાથે સેવાકીય કર્યો કરી પ્રશંસનીય કામગીરી કરી રહી છે ત્યારે બુટલેગરો પોલીસની વ્યસ્તતાનો ફાયદો ઉઠાવી દારૂના નશેડીઓને ઘરે બેઠા દેશી-વિદેશી દારૂની હોમડિલિવરી આપી નફો રળી રહ્યા છે ચાર રસ્તા પર લોકડાઉનની અમલવારી માટે ટાઉન પોલીસ સહીત પોલીસતંત્રની અન્ય શાખાના કર્મીઓ પણ રાઉન્ડ ધી ક્લોક ફરજ બજાવી રહ્યા છે ત્યારે કાર અને બાઈક પર દેશી-વિદેશી દારૂનું વહન કરતા બુટલેગરો થાપ આપવામાં સફળ રહ્યા કે પછી પોલીસતંત્રના આંખ આડે કાન...!!! સહીત ની ચર્ચાએ જોર પકડ્યું છે .મંગળવારે સવારે પલ્સર બાઈક પર દેશી દારૂની પોટલીઓ સાથે પસાર થતા બુટલેગરે મોડાસા ચાર રસ્તા નજીક મહિલા પોલીસ સ્ટેશન નજીક બાઈક પરથી કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થતા બુટલેગર નીચે પટકાતા તેની પાસે રહેલી દારૂની પોટલીઓ રોડ પર વેર વિખેર થઈ જતા દારૂની રેલમછેલ થતા રોડ પરથી પસાર થતા વાહનચાલકો પણ આશ્ચર્ય ચકિત બન્યા હતા બુટલેગરે બાઈક ઉભી કરવાનો પ્રયત્ન કરવાનો કર્યો હતો પણ બુટલેગર પણ પીધેલો હોવાથી બાઈક ઉઠાવવામાં નિષ્ફળ રહેતા રફુચક્કર થઈ ગયો હતો બુટલેગરની બાઈક સ્લીપ થવાથી રોડ પર પોટલીઓ પડી હોવા છતાં અહીંથી પસાર થતી પોલીસજીપ અને પોલીસ પીસીઆર વાને આંખ આડે કાન કરી બુટલેગરને છાવરવાનો પ્રયાસ કર્યો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી મોડાસા ટાઉન પોલીસ સમગ્ર ઘટનાક્રમે અજાણ હોવાનું અને પોલીસ ચોપડે કોઈ ગુન્હો ન નોંધાયો હોવાનું પોલીસ સ્ટેશનના કર્મચારીએ ફોન પર જણાવ્યું હતું

### મોડાસાના સાકરિયા ગામે

# સામાન્ય બાબતમાં મારામારી પિતા-પુત્રને નિર્દયતાથી ધીબી નખતા ફિટકાર

મોડાસા તાલુકાના સાકરિયા ગામે ખેતરમાં કપચીના ઢગલા પર છાણ નાખવાની બાબતે બોલાચાલી થતાં ત્રણ વ્યક્તિઓએ એક જૂથ થઈ પિતા -પુત્રને નિર્દયતાથી માર માર્યો હતો. મારામારીમાં ઘાયલ બંનેને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડાયા હતા.

નજીવી બાબતમાં કરાયેલ મારામારીને પગલે ત્રણ વ્યક્તિઓ વિરૂધ્ધ મોડાસા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી વિગતો અનુસાર મોડાસા તાલુકાના સાકરિયા ગામની સીમમાં મયુરભાઈ હિરાભાઈ વાળંદનું ખેતર આવેલું છે. તેના શેઢે કપચીનો ઢગલો કરી રાખ્યો હતો. તે ઢગલા પર છાણનો ઉકરડો ન કરવાનું ફરિયાદીના દિકરા નારણભાઈ વાળંદે કહેતાં હર્ષિતભાઈ ઉર્ફે મોન્ટુભાઈ નિતેશભાઈ વાળંદે ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગ્યા હતા અને વધુ ઉશ્કેરાઈ જઈ માર મારવાનો શરૂ કર્યો હતો. આ ઝઘડામાં હર્ષિત સાથે નિતેશભાઈ કોદરભાઈ વાળંદ અને વીરલભાઈ નિતેશભાઈ વાળંદ જોડાયા હતા. અને પિતા પુત્રને ગડદાપાટુનો માર માર્યો હતો તેમજ ખેતરમાં પડેલ પાવડાનો હાથો ફરિયાદના જમણા સાથળે મારી દીધો હતો તેમજ નારણભાઈના બરડામાં પાવડાના હાથાના બે ત્રણ ફટકા મારી દીધા હતા. બંને પિતા પુત્ર મારામારીમાં ઈજાગ્રસ્ત થતાં તેઓને ૧૦૮ મારફતે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ અંગે મયુરભાઈ વાળંદે હર્ષિત ઉર્ફે મોન્ટુભાઈ નિતેશભાઈ વાળંદ, નિતેશભાઈ કોદરભાઈ વાળંદ અને વીરલભાઈ નિતેશભાઈ વાળંદ સામે મોડાસા રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રધાનમંત્રીએ સૂચવેલા ૭ પગલાંનું આપણે સહુ પાલન કરીએ:ભરત પંડ્યા

મોટી ઈસરોલ, તા.૧૪

ભાજપનાં પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે લોકડાઉનનાં નિર્ણયને લંબાવ્યો છે. તેને હું આવકારું છું. વર્લ્ડ બેસ્ટ પીએમ. ભારત પાસે છે. તેની પ્રતિતી, અનુભૂતિ, ફલશ્રુતિ દેશની જનતા અને વિશ્વને થઈ ચૂકી છે.વિશ્વમાં કોરોના - મૃત્યુઓનાં આંકડાઓની ભારત સાથે કંમ્પેરીઝન કરીએ તો શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અગાઉ લીધેલ લોકડાઉનનો નિર્ણય એ જનહિત અને દેશહિત માટે શ્રેષ્ઠ પુરવાર થઈ ચૂકયો છે.



આ વખતે પણ તેમણે દેશની જનતાની ચિંતા કરીને, સામૂહિક ચિંતન દ્વારા,ચરૈવેતિ, ચરૈવેતિ એટલે કે એકશન લીધાં છે. તેમણે સૂચવેલાં ૭ પગલાંનું આપણે સહુ પાલન કરીએ, અને પોતાને, કુટુંબ, સોસાયટી, ગામ, સમાજ, રાજયને સુરક્ષિત કરીએ.શ્રી નરેન્દ્રભાઈ જે કોઈ નિર્ણય લેતાં હોય છે તે લોકહિત, લોકમન, લોકલાગણીને ધ્યાનમાં રાખીને લેતાં હોય છે.

તેમણે તમામ રાજયોનાં મુખ્યમંત્રીઓ સાથે સંવાદ કરીને અભિપ્રાયો મેળવ્યાં છે. વિપક્ષનાં નેતાઓ સાથે પણ વાત કરી છે. ડોકટર્સ મિત્રોને પણ પૂછયું છે અને લોકોનાં અભિપ્રાયો પણ જાણ્યાં છે.જે રીતે વિશ્વમાં મૃત્યુનાં આંકડાઓ વધતાં જાય છે તે જોતાં લોકડાઉન લંબાવવું એ ખૂબ જરુરી અને અનિવાર્ય હતું.એટલે જ તેમણે દેશની જનતા માટે, "જાન હૈ તો જહાન હૈ" સૂત્રને ધ્યાનમાં રાખીને આ યોગ્ય પગલું લીધું છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં કેન્દ્ર અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણીની આગેવાનીમાં રાજય સરકાર શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. સેવાકાર્યમાં જોડાયેલ તમામ ડોકટર્સ, પેરામેડીકલ સ્ટાફ, પોલીસ તંત્ર,મહેસૂલ વિભાગ સહીત તમામ સરકારી તંત્ર અને સેવાભાવી સંસ્થાઓ-વ્યક્તિઓને તેમની સેવા બદલ વંદન કરું છું. અને હૃદયપૂર્વક અભિનંદન આપું છું.તેમ શ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીએ નગરપાલિકાના સફાઈ કર્મચારીઓને સન્માનિત કર્યા




અરવલ્લી બ્યુરો મોડાસા

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી મોડાસા કમિટી મેમ્બર દ્વારા નગરપાલિકા ના સેનેટરી અને આરોગ્ય વિભાગ સાથે સાંકળયેલા કર્મચારી તથા નગરપાલિકાના સફાઈ કર્મચારીઓને માસ્ક ,સાબુ,બિસ્કિટ,ફુલ આપી સન્માન કરવામાં આવ્યું હતું કોરોનાની કપરી પરિસ્થિતિ માં શહેર ને સ્વચ્છ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવનાર સફાઈ કર્મીઓનો ઉત્સાહ વધારવા માટે રેડક્રોસ ના ચેરમેન ભરતભાઈ તથા કારોબારી સભ્યો,પૂર્વ મેયર વનીતાબેન પટેલ, ડૉ.દીપ્તિબેન,રાકેશભાઈ, કનુભાઈ પટેલ અને નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ, આરોગ્ય સેનીટેશન ચેરમેન રૂપેશ ઝાલા અને સેનેટરી ઈન્સ્પેક્ટર સુનિલ રાજપુરોહીત ઉપસ્થિત રહ્યા હતા



વિતેલા જમાનાની સફળ ગુજરાતી ફિલ્મ ×કંકુ× ના અભિનેત્રી અને વરીષ્ઠ કલાકાર પલ્લવીબેન મહેતાનું દુઃખદ અવસાન...




**કોરોનાવાયરસ ને લઈને સરકાર દ્વારા શોશિયલ ડિસ્ટન્સ ની સૂચનાઓ આપી હોવા છતાં ઘણી જગ્યાએ આપણે જોઈએ છીએ કે સોસીયલ ડિસ્ટન્સ નો સરેઆમ ભંગ થતો જોવા મળે છે ત્યારે પાટણના મિનિષ પ્રજાપતિ દ્વારા સોશિયલ ડીસ્ટન જાળવવું તેને અનુલક્ષીને ખૂબ જ સુંદર પેન્ટિંગ દોરવામાં આવ્યું છે અને મિનીષ પ્રજાપતિ દ્વારા સંદેશ આપવામાં આવે છે કે આ મહામારી થી બચવા માટે જ્યારે પણ ખરીદી કરવા નીકળો ત્યારે આપણે પણ સોશિયલ ડીસ્ટન્સ નો અમલ કરવો જરૂરી છે કારણકે સરકારના નિયમોનું યોગ્ય પાલન કરીશું તો જ આ મહામારી રોગથી બચી શકાશે. .. સુપર સ્ટાર અમિતાભ બચ્ચન અને કિરણ બેદીએ પણ સોશિયલ ડીસ્ટન પાટણ નો ફોટો જોઈ ટ્વીટ કર્યું હતું ...આ પહેલા પણ આ મીનીષ પ્રજાપતિ પેન્ટર દ્વારા કોરોનાવાયરસ ના વધ કરતા જગતજનની મા અંબા તથા રામચંદ્ર ભગવાનનું અદભુત પેઈન્ટિંગ કરી લોકો સમક્ષ રજૂ કર્યું હતું. અને લોકોમાં જાગૃતિ આવે એના માટે આજે પણ તેઓ આ સોશિયલ ડીસ્ટન નું પેઈન્ટિંગ રજૂ કરી લોકોને સાવચેત રહેવા વિનંતી કરે છે. તસવીર અહેવાલ સ્વામી સતિષ પાટણ**

# દૂર રહીને પણ પાસે આવો ' COVID. 19 સામેની લડતનો મજબૂત સંદેશો




પ્રવર્તમાન કરોનાગ્રસ્ત વાતાવરણમાં વિશ્વ જયારે કરોનાની ઝપટમાં છે ત્યારે તમામ લોકોને ઘરમાં રહી સામાજીક રીતે દૂર ( SOCIAL DISTANCE ) રહેવાનો આદેશ છે ત્યારે સામાજીક ઈલેક્ટ્રોનિક મિડિયા આપણને ભેગા થવાનો વિકલ્પ આપે છે.

પોતાના જ ઘરે રહીને મિત્રો સાથે મળવાનો VDO APP નો ઉપયોગ એ સુંદર માધ્યમ છે. આ માધ્યમથી યોગા,ધ્યાન,ભજન,સુંદરકાડ પાઠ,ઝુમ્બા, તથા જાત જાતની રમતો જેવી પ્રવૃતિઓ શક્ય છે. COVID. 19 સામેની લડતનો મજબૂત સંદેશો દૂર દૂર ફરતો રહેતા મિત્રો પોતાનું પોસ્ટર બનાવી વ્યક્ત કરે છે. દૂર દૂર રહેતા મિત્રો મહામારી સામે લડવાનો સંદેશ રેલાવી રહ્યા છે, અને જણાવે છે કે આ નિરાશ થયા વિના આપણે સૌએ આ કરોના ને હરાવવાનો છે અને સફળતા પુર્વક પાર ઉતરવાનું છે. ( project# COVID ) ( College#Burgclan# Williamsburg, VA )

# રાજસ્થાનના કોરોના હોટસ્પોટ ભીલવાડાથી મેઘરજ આવેલા ૬ વેપારીઓના કોરોના રિપોર્ટ નેગેટિવ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્યમાં કોરોના કોહરામ યથાવત જોવા મળી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીના કુલ પોઝિટીવ દર્દીઓની સંખ્યા ૬૧૭ પર પહોંચી ગઈ છે.અરવલ્લી જીલ્લાંની રાજસ્થાન રાજયને જોડાતી આંતરરાજ્ય સરહદો સીલ હોવાના દાવાઓ વચ્ચે રાજસ્થાનમાં કોરોનાના હોટસ્પોટ જાહેર થયેલા કોરોનાથી સંક્રમિત બનેલા ભીલવાડા જીલ્લાના ૬ વેપારીઓ રવિવારે રાત્રે વાહન મારફતે મેઘરજમાં પહોંચતા ભારે હડકંપ મચ્યો હતો મેઘરજ આરોગ્ય તંત્રએ પોલીસના સહયોગથી ભીલવાડાના ૬ વેપારીઓ ઝડપી પાડી સ્ક્રીનિંગ કરી મોડાસાની કોવીડ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ખસેડી જીલ્લા આરોગ્ય વિભાગે કોરોનગ્રસ્ત તો નથી ને તે માટે તમામ ૬ લોકોના સેમ્પલ પરીક્ષણ માટે સોમવારે અમદાવાદ મોકલી આપવામાં આવ્યા હતા મંગળવારે તમામના રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો

અરવલ્લી જીલ્લામાં અત્યારસુધી એક પણ કેસ કોરોનાનો મળ્યો નથી જેના કારણે લોકો એ હાશકારો અનુભવ્યો છે બીજીબાજુ જીલ્લાને અડીને આવેલા રાજસ્થાનમાં કોરોનાની મહામારીએ જીલ્લાને અડીને આવેલા વિસ્તારોમાં પગપેસારો કરતા અરવલ્લી જીલ્લામાં કોરોના વાયરસ ગમે તે ઘડીએ દસ્તક દેતો નવાઈ નહિ નો સંદેહ વ્યક્ત થઈ રહ્યો છે ત્યારે સરહદો પરની ઢીલી નીતિની પોલ ભીલવાડાના વેપારીઓએ ખુલ્લી પાડી દેતા વહીવટી તંત્ર અને પોલીસતંત્રમાં ભારે હડકંપ મચ્યો હતો અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ વધુ એકવાર આંતરરાજ્ય સરહદો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દઈ ભીલવાડા થી આવેલા ૬ શખ્શો સામે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથધરી હતી મેઘરજમાં રાજસ્થાનના લોકો અને ધંધાર્થીઓની અવર-જવર થઈ રહી હોવાની માહિતી મેઘરજ આરોગ્ય તંત્રને થતા સતર્ક બન્યું હતું રવિવારે રાત્રે રાજસ્થાનના ભીલવાડાના ૬ વેપારીઓ ધંધાર્થે મેઘરજ નગરમાં આવતા આ અંગે મેઘરજ આરોગ્ય વિભાગને જાણ થતા આરોગ્ય વિભાગ સતર્ક બની પોલીસતંત્રના સહયોગથી ૬ શખ્શોની શોધખોળ હાથધરાતા ખાનગી વાહન સાથે મળી આવતા તમામ લોકોને મોડાસાની કોવીડ હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યા હતા ૬ વેપારીઓના સીધા સંપર્કમાં આવેલા આરોગ્ય અને પોલીસતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો હતો ત્યારે ૬ શખ્શોનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા હાશકારો અનુભવ્યો હતો

# માલપુર પોલીસ તંત્ર સાથે વધુ એકવાર જરૂરિયાતમંદ લોકોની મદદે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉનની કડક અમલવારી વચ્ચે શ્રમિકો અને જરૂરિયાતમંદ લોકોની હાલત દયનિય બની રહી છે કોરોના મહામારીને લઈને સમગ્ર દેશ લોકડાઉન છે લોકડાઉન ૩ મે સુધી લોકડાઉન વધારવાનો નિર્ણય કર્યો છે ત્યારે માલપુર પોલીસ પોલીસ સ્ટેશનના



પીએસઆઈ એન.એમ.સોલંકી અને તેમની ટીમે માલપુર મામલતદાર સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા જરૂરિયાત મંદ લોકોને કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અગાઉ લોકડાઉનમાં પણ માલપુર પોલીસે અનેક જરૂરિયાત મંદ લોકોને કરિયાણાની કીટની હૂંફ આપી છે માલપુર પોલીસની સરાહનીય કામગીરીથી જરૂરિયાતમંદ પરિવારોના ચહેરા પર ખુશી છવાઈ હતી

### અરવલ્લી ૧૮૧ અભયમ ગરીબ પરિવાર માટે દેવદૂત બની

# ગોધરાના ગ્રામ્ય વિસ્તારમાંથી ગુમ થયેલી મહિલાનું પરિવાર સાથે મિલન

અરવલ્લી બ્યુરો મોડાસા

ઘરેલું હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સાઓને ડામવા અને તાત્કાલિક મહિલાઓને બચાવ અને સલાહ માર્ગદર્શન આપવા માટે રાજ્ય સરકારે ૨૦૧૪માં ૧૮૧ અભયમ

મહિલા હેલ્પલાઈન શરૂ કરતા અનેક મહિલાઓ અને પરિવારો માટે આશીર્વાદ રૂપી બની રહી છે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં માનસિક અસ્વસ્થ મહિલા ફરતી હોવાની અને તેની સાથે માનસિક વિકૃતિ ધરાવતા લોકો શારીરિક શોષણ કરતા જાગૃત નાગરિકે ૧૮૧ અભયમ હેલ્પ લાઈનને ફોન કરાતા અરવલ્લી ૧૮૧ અભયમ



મહિલા હેલ્પ લાઈન તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી જંગલ જેવા વિસ્તારમાં બેસી રહેલી મહિલાને હૂંફ આપી તેના પરિવાર વિષે પુછાતા તેને સરનામું જણાવતા ૧૮૧ અભયમ હેલપાઈનની ટીમ ગોધરાના તાલુકાના બોરિયા ગામે પરિવાર સાથે મિલન કરાવતા મહિલાના ત્રણ સંતાનો અને પતિની આંખો હર્ષના આંસુથી ભરાઈ આવી હતી

માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં એક મહિલા છેલ્લા કેટલાક દિવસોથી ફરતી જોવા મળતા અને મહિલાની માનસિક સ્થિતિ સારી ન હોવાથી કેટલાક હવસખોર લોકો મહિલાનું શારીરિક શોષણ શરુ કરાતા સમગ્ર ઘટનાની જાણ જાગૃત નાગરિકને થતા ૧૮૧ અભયમ હેલ્પલાઈનમાં ફોન કરાતા અરવલ્લી ૧૮૧ અભયમ ટીમના કાઉન્સિલર શિલ્પા ગામીત, મહિલા કોન્સ્ટેબલ પિન્ટુ બેન અને પાયલોટ વિક્રમભાઈ તાત્કાલિક ગ્રામ્ય વિસ્તારમાં પહોંચી મહિલાની શોધખોળ હાથધરાતા જંગલ જેવા વિસ્તારમાંથી અસ્વસ્થ હાલતમાં મહિલા મળી આવતા ૧૮૧ અભયમની ટીમે કાઉન્સલીંગ કરતાં અને હૂંફ અપાતા મહિલાએ તેનું સરનામાં અંગે જણાવતા ગોધરા તાલુકાના બોરિયા ગામના હોવાનું જણાવતા ૧૮૧ અભયમની ટીમે સ્થાનિક તંત્રનો સંપર્ક કરતાં મહિલાએ જણાવેલ પરિવારની માહિતી મળતા મહિલાને ૧૮૧ અભયમ ટીમ બોરિયા ગામે તેના પરિવાર સાથે મિલન કરાવતા તેના પતિ અને ત્રણ સંતાનોમાં આનંદ છવાયો હતો . મહિલાના પરિવારજનોના જણાવ્યા અનુસાર,હોળીના તહેવાર દરમિયાન આ બહેન અગમ્ય કારણોસર ઘરેથી નીકળી જતા પરિવારજનોએ ભારે શોધખોળ હાથધરવા છતાં મળી ન આવતા પરિવારની સ્થિતિ ગરીબ હોવાથી આગળ કોઈ કાર્યવાહી કરી ન હતી મહિલા એકાએક ગુમ થતા તેના ત્રણ બાળકો અને પતિ બેબાકળા બન્યા હતા પરંતુ દારુણ સ્થિતિના પગલે લાચાર બનેલા પરિવાર માટે અરવલ્લી ૧૮૧ અભયમ ટીમ દેવદૂત બનતા આભાર વ્યક્ત કર્યો હતો

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.